Wednesday 09, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૮૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ચીખલી રેફરલમાં ઓડિટમાં રૂા.૧.૬૪ કરોડથી વધુનું કૌભાંડ ખુલ્યું

**ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના આઉટ સોર્સિંગ ના કર્મચારી દ્વારા રૂા. ૧,૬૪,૫૬,૨૩૧ની ગેરરીતિ આચર્યાનું બહાર આવતા નિવાસી તબીબી અધિકારી દ્વારા જવાબદાર કર્મચારી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ આપતા ભારે ચકચાર : કૌભાંડમાં અન્ય તબીબી અધિકારી કે કર્મચારીઓની સંડોવણી બહાર આવે તો નવાઈ નહિ**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૮ :** ચીખલી ખાતે આવેલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં થોડા દિવસો અગાઉ ગાંધીનગરથી આવેલ ઓડિટ વિભાગની ટીમે આદરેલી તપાસ દરમ્યાન રૂપિયા ૨૨ લાખની ગેરરીતિ હોસ્પિટલના આઉટ સોર્સિંગ કર્મચારી દ્વારા આચરવામાં આવી હતી. જોકે આ ઘટનામાં વધુ ઉંડી તપાસ ગાંધીનગરની ઓડિટ વિભાગની ટીમે કરતા આઉટ સોર્સિંગ ના કર્મચારી દ્વારા રૂપિયા ૧,૬૪,૫૬,૨૩૧ રૂપિયાની ગેરરીતિ આચર્યાનું બહાર આવતા સદર ઘટનામાં ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના મહિલા નિવાસી તબીબી અધિકારી દ્વારા જવાબદાર કર્મચારી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ આપતા ભારે ચકચાર મચી જવા પામી છે તેમજ આ સમગ્ર કૌભાંડમાં અન્ય તબીબી અધિકારી કે કર્મચારીઓની સંડોવણી બહાર આવે તો નવાઈ નહિ.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં આઉટ સોર્સિંગ કર્મચારી સતીષ છના ભોંયા રહે, માંડવખડક સિગરવેરી ફળિયા તા.ચીખલી જેઓ અલગ અલગ એજન્સીના આઉટ સોર્સિંગ કર્મચારી તરીકે જુનિયર ક્લાર્ક તરીકે ૧૩-૦૪-૨૦૧૬ થી ૦૯-૦૪-૨૦૨૩ સુધી ફરજ બજાવતા હતાં. ત્યારબાદ ૧૧-૦૪-૨૦૨૩ થી ૩૦-૦૬-૨૦૨૩ સુધી પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા ત્યારબાદ પુનઃ ૦૧-૦૭-૨૦૨૪ થી જુનિયર ક્લાર્ક તરીકે ફરજમાં હતા દરમ્યાન સતીષ ભોયાને સરકારી હોસ્પિટલ ચીખલીના અધિક્ષકના ૦૧-૧૦-૨૦૨૪ ના લેખિત આદેશ થી સરકારી હોસ્પિટલ ચીખલી, સીએચસી ખેરગામ, સીએચસી રૂમલા, અંકલાછ અને સીએચસી લીમઝરના વિવિધ બિલો સુરત પ્રતિસહીના જવાના તમામ બિલો બનાવી આપવા જેમાં આઉટ સોર્સ બિલ, બાયો મેડિકલ વેસ્ટ બિલ,ડીઝલ બિલ, ડાયટ બિલ, સીએમ સેતુ બિલ, ધોલાય બિલ (અંકલાછ), સ્ટેશનરી બિલ અને પેટી સપ્લાય બિલ, ટોર્નર રિફિલિંગ અને કોમ્પ્યુટર રિપેરિંગ બિલ તૈયાર કરી આપવાની કામગીરી સોંપવામાં આવેલ હોય જે દરમ્યાન સતિષ ભોયા એ પોતાની ફરજ દરમ્યાન અલગ અલગ વ્યક્તિઓના નામે અલગ અલગ બેંકોમાં નાણાં જમા કરાવેલ જે જમા કરાવેલ નાણાં બાદમાં રોકડ તેમજ ગૂગલ પે મારફતે પરત મેળવેલ જોકે ઓડિટ વિભાગ દ્વારા તપાસ દરમ્યાન રૂપિયા ૧,૬૪,૫૬,૨૩૧ જેટલી માતબર રકમની ઉચાપત વિવિધ બિલો દ્વારા કરેલ હોવાનું બહાર આવવા પામતા સદર ઘટનાની ચીખલી પોલીસમાં ફરિયાદ ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં નિવાસી તબીબ તરીકે ફરજ બજાવતા માલતીબેન જયદીપભાઈ પટેલે આઉટ સોર્સિંગ કર્મચારી સતીષ છના ભોયા વિરૂદ્ધ નોંધાવતા ચીખલી પોલીસે સતીષ છના ભોંયા વિરૂદ્ધ ગુનો નોધી વધુ તપાસ ચીખલીના પીઆઈ કે. એચ. ચૌધરી એ હાથ ધરી છે ત્યારે પોલીસ તપાસ દરમ્યાન કેવા અને કેટલા રહસ્યો અને આરોપીઓ આવે એ જોવું રહ્યુ.

ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખોટા બિલો મૂકીને તેમજ વિવિધ તરકીબો અજમાવીને રૂપિયા ૧,૬૪,૫૬,૨૩૧ જેટલી માતબર રકમની ગેરરીતિ આચરનાર સતીષ ભોંયા ની સામે ચીખલી પોલીસે ગુનો દાખલ કર્યો છે. સાથેસાથે જેઓની સીધી જવાબદારી નક્કી થાય છે એવા ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લાંબા સમય થી ફરજ બજાવતા મહિલા તબીબી અધિક્ષક દક્ષા પટેલની પણ જવાબદારી નક્કી થતી હોવાનું ઓડિટ વિભાગના અધિકારીઓએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે.

## વાપી ટાઉનમાં લારી-પાથરણાવાળાને મનપાના કર્મીઓની કનડગતની રાવ સાથે રજૂઆત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૮ :** વાપી ટાઉન વિસ્તારમાં મુખ્ય માર્ગ તથા શાકભાજી માર્કેટ પરિસરમાં પાથરણા તેમજ લારી ઉપર માલ સામાન વેચતા લોકોને મહાનગરપાલિકાના કર્મચારી દ્વારા હેરાન પરેશાન કરતા ૨૦૦થી લોકોએ મહાનગરપાલિકાની કચેરી પહોંચી ડેપ્યુટી કમિશનરને રજૂઆત કરાઈ.

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતા શાકભાજી માર્કેટ મહાત્મા ગાંધી માર્કેટ નાઝાબાઈ રોડ ઝંડા ચોક અને મુખ્ય બજારના રસ્તાની આજુબાજુમાં પાથરણા પાથરી તેમજ લારી અને ફૂટપાથ ઉપર ગેરકાયદેસર માલ સામાનનું વેચાણ કરનારને લઈ ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાના કમિશનર તેમજ ડેપ્યુટી કમિશનર દ્વારા દબાણ કરતાં ની સામે કાર્યવાહી હાથ ધરી હતી. જે અંતર્ગત પાથરણાવાળા તેમજ લારીવાળાઓના માલ સામાન જપ્ત કરવામાં આવતા આજે વાપી ટાઉન વિસ્તારના ૨૦૦થી વધુ વેપારીઓ જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી ડેપ્યુટી કમિશનર આસ્થા મેડમને આવેદનપત્ર આપી તેઓને વાપી વિસ્તારમાં શાકભાજી તેમજ ઘરગથ્થુ સામગ્રીનું વેચાણ કરવામાં નગરપાલિકાના ૧૦થી ૧૫ જેટલા માણસો આવી હેરાન પરેશાન કરે છે તેમજ માલ સમાન જપ્ત કરે છે જેને લઈ તેઓ પોતાનું ગુજરાત ચલાવવામાં અસમર્થ બની જવા પામ્યા છે તો કેટલાક પાથરણા વાલા તથા લારીવાળાઓમાંથી અનેક લોકોએ સવરોજગારી માટે સરકારે લોન પણ આપી છે. તેઓને લોન ભરવી પણ મુશ્કેલ બની રહી છે જેને લઈ આવી કાર્યવાહી ન કરવામાં આવે તેવી માંગ કરી છે.

## શ્રીડીમાં આંબેડકર જયંતિની રજા જાહેર કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૮ :** કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ૧૪ એપ્રિલ, ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતિના દિવસે રજા જાહેર કરવામાં આવી છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ વહીવટીતંત્રના સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત નિયામક દ્વારા તમામ સરકારી કચેરીઓ, સ્વાયત્ત સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રજા જાહેર કરવામાં આવી છે.

## આજે વાપીમાં જીટો દ્વારા નવકાર દિવસનું આયોજન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૮ :** વાપી ચલાના અજીત નગર મેદાનમાં જીતો દ્વારા નવકાર દિવસે વિશ્વ કલ્યાણ અને શાંતિ માટે નવકાર મંત્ર કરાશે.




વાપી ના અજીત નગર ચલા ખાતે આજે જીતો દ્વારા નવકાર દિવસ નું આયોજન રાખેલ છે અને આ આયોજન સમગ્ર વિશ્વ માં એક સમયે અને એકજ દિવસે રાખેલ છે, આ કાર્યક્રમ એક વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે રાખેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણના આહવાનને ધ્યાને રાખી જીટો દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કરેલ છે. વાપીમાં પણ નવકાર મંત્રના જાપ રાખેલ છે તે બદલ વાપી જીટોના પ્રમુખ અભય નાહર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે અને જૈન ધર્મનો મહામંત્ર એટલે નવકાર મંત્ર જૈના નવપદમાં વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિનો સાર સમાયેલો છે. તથા વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે મહામંત્ર નવકાર મંત્ર નો જાપ કરવામાં આવી રહ્યો છે. જેમાં વાપી અને વાપી ઉદ્યોગનગર તથા વાપીની આજુબાજુના ગામોમાં રહેતા જૈન ધર્મના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવકાર મંત્ર વિશ્વ કલ્યાણ માટે જાપ કરશે.

## ઉમરગામમાં ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મના આરોપીને મરણાંત કેદની સજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૮ :** ઉમરગામ પંથકમાં છ વર્ષની માસુમ બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપી સરોજ લાલુ લાલ બહાદુર ગુપ્તાને વાપીની સ્પેશિયલ કોર્ટના જજ દ્વારા અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા તથા પચાસ હજાર રૂપિયાનો દંડ ફટકારાયો છે.



પ્રાપ્ત વિગત મુજબ વર્ષ ૨૦૨૦માં ઉમરગામમાં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપી સરોજ લાલુ લાલબહાદુર સાવ (ગુપ્તા)ને પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી પોક્સો એક્ટ હેઠળના વાપીના સ્પેશિયલ જજ ટી.વી. આહુજાએ પોક્સો એક્ટની કલમ ૬ ના ગુનામાં તકસીરવાર ઠેરવી આરોપી દરરોજ લાલુ લાલ બહાદુર ગુપ્તાને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સખત કેદની સજા અને રૂપિયા પચાસ હજારનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા અને જો દંડની રકમ આરોપી ભરે તો તે દંડની રકમ ઉપરાંત છ લાખ રૂપિયાનું વળતર ભોગબનનારને ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

## સગીરા સાથે દુષ્કર્મના બામટીના આરોપીને ૨૦ વર્ષની સજા અને દંડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૮ :** ચાર વર્ષ અગાઉ ધરમપુર તાલુકાના એક ગામની ૧૫ વર્ષીય સગીરાને બામટી ગામના ૨૬ વર્ષે યુવાન લગ્નની લાલચ આપી ભગાડી લઈ જઈ દુષ્કર્મ કરનાર આરોપીને પોકસો એક્ટ હેઠળ આરોપીને ૨૦ વર્ષની કેદ અને ૧૫ હજાર રૂપિયાનો દંડ ભરવો દંડ નહિ ભરે તો વધુ એક માસની સજાનો હુકમ કર્યો છે.



ધરમપુર તાલુકાના એક ગામમાં રહેતો પરિવાર રાત્રે સુઈ ગયા હતાં. જે બાદ પોતાની ૧૫ વર્ષની સગીરા ગઈ તા.૧૮/૦૭/૨૦૨૧નાં રોજ બધા સૂઈ જતાં રાત્રે ઘરેથી નીકળી ગઈ હતી. વહેલી સવારે પોતાની માતા ઉઠી જોયું તો ઘરનો દરવાજો ખુલ્લો અને પોતાની સગીર દીકરી ઘર જોવા મળી ન હતી. જેથી તેમણે પોતાના સંબંધી પરિમલકુમાર કમલેશભાઈ ધોડિયા પટેલ પણ પોતાના ઘરે હાજર ન હતો. તેની બાઈક પણ ઘરે ન હતી અને મોબાઈલ બંધ હતો. માતાએ પોતાની સગીર દીકરી તથા પરિમલની સગા સંબંધી મિત્રોને ત્યાં તપાસ કરવા છતાં મળ્યા ન હતા. જેથી તેમણે તેમનો સંબંધી પરિમલ કમલેશ ધોડિયા પટેલ રહે. નાની બામટી દેસાઈ ફળિયા તા.ધરમપુર જી.વલસાડ લલચાવી ફોસલાવી વાલીપણામાંથી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી અપહરણ કરી લઈ જવા બાબતે ધરમપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસની સુનાવણી હાથ ધરતા ધરમપુરના પૉક્સો ઍક્ટ હેઠળના સ્પેશીયલ જજ એમ.એ. મિર્ઝાએ ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ કરનાર આરોપી પરિમલકુમાર કમલેશભાઈ પટેલ ઉંમર વર્ષ ૨૬ને પબ્લીક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી દોષિત જાહેર કરી આરોપીને પોક્સો એક્ટ હેઠળ તકસીરવાન ઠરાવી આરોપીને ૨૦ વર્ષની કેદની સજા અને રૂા.૫,૦૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા તથા આઈપીસીની કલમ ૩૭૬(૨) (એન)ના ગુનામાં દસ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૫૦૦૦ દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા તથા આપીસીની કલમ ૩૭૬(૩)ના ગુનામાં વીસ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૫૦૦૦ દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

### બરૂમાળમાં સદગુરુધામની રજતોત્સવ

## આપણે સનાતન સંસ્કૃતિના વાહક બનીશું તો ભારત વિશ્વ ગુરુ જરૂરથી બનશે : ભૂપેન્દ્ર પટેલ







**વલસાડ, તા.૦૮ :** બરૂમાળમાં ભગવાન શ્રી ભાવભાવેશ્વર મહાદેવ મંદિરના રજતોત્સવ અને ભારત વિશ્વગુરૂ બને એવા સંકલ્પ સનાતન ૨૦૨૫ના આધ્યાત્મિક અનુષ્ઠાન પ્રસંગે મુખ્યમંત્રીએ ઉપસ્થિત રહી પ્રેરણાદાયક સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીએ ભાવભાવેશ્વર મહાદેવ મંદિરે શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવી ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી વેદ મંત્રોચ્ચારના નાદ સાથે મહાદેવજીનો અભિષેક કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વસુધૈવ કુંટુંબકમની ભાવના અને રાષ્ટ્રને વિશ્વ ગુરુ બનાનવાના સંકલ્પને આ સદગુરુધામ સાકાર કરી રહ્યું હોવાનું જણાવી સંતોપ્રવક્તાઓ દ્વારા ભારતને વિશ્વગુરુ બનાવવા અહીં ચિંતન થઈ રહ્યું છે તે અંગે અભિનંદન પાઠવ્યાં હતા અને કહ્યું કે, આદિવાસી ક્ષેત્રમાં વ્યસન અને કુરિવાજ જેવી અનેક સામાજિક બદીઓ નિવારવા સદગુરુ ધામે ઘરે ઘરે જઈને સનાતન ધર્મની જ્યોત જગાવી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ પણ તેમણે કર્યા હતાં. મુખ્યમંત્રીએ શિક્ષણની સાથે આરોગ્ય સેવામાં આ સદગુરૂ ધામે આપેલા યોગદાન અંગે જણાવ્યું કે, આ પવિત્ર ધામ અંતરિયાળ વિસ્તારમાં જઈને આદિવાસી સમાજની સેવા કરે છે. આપણે સૌ સનાતન સંસ્કૃતિના વાહક બનીશું તો વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર અને વિશ્વ કલ્યાણના સંકલ્પ સાથે વિશ્વગુરુ જરૂર બનશે.

પ.પૂ.પરમાદર્શ આચાર્ય વિદ્યાનંદ સરસ્વતીજી મહારાજે ઑમની ધ્વનિ ગુંજ સાથે ગુરુ મહિમાનું વર્ણન કરતા જણાવ્યું કે, પહેલા અહીં રસ્તા ન હતા. કોઈ સુવિધા ન હતી. વિષમ પરિસ્થિતિમાં દરેક ગામ, દરેક ઝોપડીને મંદિર બનાવી સનાતન ધર્મની ધ્વજા લહેરાવી છે. વધુમાં તેમણે આશીર્વચન આપતા કહ્યું કે, જીવન સાદું અને ખાણી પીણી શુદ્ધ અને સાત્વિક હોવી જોઈએ. મુખ્યમંત્રીશ્રીના આગમનને સ્વામીજીએ વધાવી શાલ ઓઢાડી જણાવ્યું કે, આજના આ ગૌરવ પળની ઘણા વખતથી પ્રતિક્ષા હતી જે આજે સફળ રહી છે. વલસાડ જિલ્લા કલેકટર અતિરાગ ચપલોત, નવસારી જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રે અને જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરણરાજ વાઘેલા સહિત આગેવાનોએ માલનપાડા હેલિપેડ ખાતે મુખ્યમંત્રીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. આ રજતોત્સવ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, જિલ્લાના સર્વ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, આચાર્ય આત્માનંદગિરિજી મહારાજ, આચાર્ય કૈલાશપુરીજી મહારાજ, પંડિત વિનાયક શર્મા, આચાર્ય શંકરાનંદગીરીજી મહારાજ સહિતના સંતો અને મહંતો તેમજ સત્સંગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




## દમણમાં ભાજપનો સ્થાપના દિવસ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૮ :** ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રીય સ્તરે આયોજિત વિવિધ કાર્યક્રમો અનુસાર સોમનાથમાં ભાજપ દાનહ અને દમણ-દીવ રાજ્યના પ્રભારી દુષ્યંતભાઈ પટેલજી અને પ્રદેશ પ્રમુખ દીપેશ ટંડેલજીના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અને સ્થાપના દિવસ કાર્યક્રમના સંયોજક નવીનભાઈ પટેલજીના નેતૃત્વ હેઠળ એક સક્રિય સભ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત કાર્યકરોને ભારતીય જનતા પાર્ટીની રાજકીય સફર, મોદી સરકારના ૧૧ વર્ષના સફળ કાર્યકાળ અને વડાપ્રધાન તરીકે મોદીજીની સિદ્ધિઓ વિશે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. આજના કાર્યક્રમમાં હાજર રહેલા અન્ય લોકોમાં અટિયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી. ઉર્વશી બેન પટેલ, સોમનાથ ગ્રામ પંચાયત સરપંચ ચૈતાલીબેન પટેલ, દમણ જિલ્લા પંચાયત સદસ્ય વર્ષિકા બેન પટેલ, રીનાબેન પટેલ, ભાજપના વરિષ્ઠ કાર્યકર નવીનભાઈ અખ્ખુ પટેલ, ચારેય મંડળોના તમામ મંડળ પ્રમુખો, દમણ જિલ્લા ભાજપ મહામંત્રી વિમલ પટેલ, જિલ્લા વિસ્તરણકાર ધનસુખ પટેલ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતાં.

# ખેરગામ બજારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યાને લઈ રસ્તો ખોદવા-નીચો કરવા રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૮ :** માજી સ્વર્ગસ્થ સરપંચ રમણભાઈ પા પટેલના કાર્યકાળમાં ખેરગામ બજારમાં ભરપૂર ગંદકી પાણી કાદવથી પરેશાન ગ્રામજનોને છુટકારો અપાવવા માટે ૮૫ ની આસપાસ તત્કાલીન સરપંચ રમણભાઈ પા પટેલે વ્હોરા મસ્જિદ થી ભવાની મંદિર સુધીનો આરસીસી રસ્તો બનાવી સમસ્યા હલ કરી હતી અને તે જ સમયે પાણી પુરવઠા અને ગંદા પાણી નિકાલ યોજના કાર્યરત કરી હતી.

ગત ૪૦ વર્ષમાં બજારમાં રસ્તાનુ નવીનીકરણ ત્રણેક વખત થતા આરસીસી દબાઈ ગયો અને તેની ઉપર દોઢ બે ફૂટ જેટલો રસ્તો ઉંચો થઈ જતા બજારના લાગુ દુકાનદારો-ઘરોમાં ચોમાસામાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાતા બજારિયાઓ દુઃખી છે. જેમાના યોગેશ નગીનદાસ કાપડિયાએ ગત વર્ષે ભારે નુકસાન વેઠયું હતું જેથી ખેરગામ ગ્રામ પંચાયતને લેખિત રજૂઆત કરી વરસાદી પાણી નિકાલ પ્રશ્ન ઝડપી હલ કરવા માટે કાર્યવાહી કરવા માંગ કરી છે. બજારમાં એક પણ ઘર એવું નથી કે જેમાં ચડવા માટે પગથિયા હોય દરેક ઘરમાં ઉતરવા માટે પગથિયા છે એટલે કે ઘરના આંગણા તળ બે બે ફૂટ નીચા થઈ ગયેલા છે. જેથી પાણીનું સીધુ આક્રમણ થાય છે, જેનાથી બચવા માટે બધાએ પાળ પણ બનાવી છે એટલે કે રસ્તા પરથી નીચે પગ મુકવાનો પછી પાળ ઓળંગવાની અને પછી પાછા બે પગથિયાં નીચે ઉતરવાનું -એવી ગંભીર હાલત છે. જેથી ડામર રસ્તો આરસીસી તળિયા સુધી બે ફૂટ જેટલો ખોદી નાખી પછી નવીનીકરણ થાય તો પાણી ભરાવાની સમસ્યામાં અને પાણી નિકાલની ગટર પણ ઉપયોગી બનાવાય તો ઝડપી નિકાલ થી રાહત થાય. આ અંગે ડેરીવાળા, સેલૂનવાળાએ યોગેશ સાથે મામલતદાર સેહુલભાઈને પણ રજૂઆત કરી છે અને ધારાસભ્ય નરેશભાઈ પટેલને પણ રજૂઆત કરી સમસ્યા હલ કરવા પગલા ભરવા જણાવવાના છે. ગ્રામ પંચાયત ખેરગામ બજારના રસ્તા, પાણી નિકાલ માટે ચોમાસા પૂર્વે ઘટતી કાર્યવાહી કરે તે બજારિયાઓની માંગ છે.

## ઝંડા ચોકથી પંચાયતઘરને જોડતો રસ્તો અત્યંત ખરાબ

ઝંડા ચોકથી પંચાયત ઘર થઈ નવા રોડને જોડતો રસ્તો અત્યંત ખરાબ છે, વાહન ચલાવતા પથ્થરો પણ છટકે છે, જે કોઈકને નુકસાન કરી શકે, ચોમાસામાં તો ભારે ખરાબ થાય છે, તે જ રીતે મોચીવાડનો ટૂંકો રસ્તો ઘણો ઉપયોગી પણ ભારે બિસ્માર છે, જેની ગટર પણ નીચી હોય જોખમી છે. ગ્રામ પંચાયત આ બંને રસ્તા સુધારવા-પેવરના કરવા ઝડપી પગલાં ભરે તેવી રહીશો ની માંગ છે. જેથી ચોમાસામાં રાહદારી ઓને ચાલવામાં રાહત થાય.

# ગણદેવીમાં સ્વામિનારાયણ હરિ પ્રબોધમ્ પ્રાર્થના મંદિર નિર્માણનો શુભારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૮ :** ગણદેવી-બીલીમોરા માર્ગ લગોલગ મીરાપાર્કની સામે રામનવમી ની પૂર્વસંધ્યાએ શનિવાર સાંજે સ્વામિનારાયણ હરિ-બોધમ્ પ્રાર્થના મંદિર નિર્માણનો શુભારંભ કરાયો હતો. જેને પગલે હરિ ભક્તોમાં આનંદ વ્યાપી ગયો હતો.

ગણદેવી પંથક માં ધાર્મિકતા, પવિત્રતા અને નૈતિકતાના સંસ્કારો જળવાઈ રહે અને સૌ ભક્તોના ઘર મંદિર સમાન બને એ માટે હરિ-બોધન પરિવારના સક્રિય કાર્યકર્તા હિતેશભાઈ રોહિત (ખેરગામ), દીપભાઈ પટેલ (પાથરી), રમેશભાઈ પટેલ (અમલસાડ)ના સહયોગના ફળસ્વરૂપે ગણદેવી વિસ્તારના સહુ ભક્તોની હાજરીમાં હરિ-બોધમ મંદિર નિર્માણ નો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે હરિચરણ પ્રદેશના પ્રાદેશિક સંતવર્ય પૂ. શાશ્વત સ્વામી અને પૂ. પ્રભુદર્શનસ્વામીના નિમંત્રણથી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર બાકરોલથી પૂ. સર્વમંગલ સ્વામી પૂ. અશોકભાઈ અને પૂ.વિવેકદર્શન સ્વામી ખાસ પધાર્યા હતા. તે સાથે હેમંતભાઈ બીલીમોરા, પ્રવિણભાઈ બીલીમોરા અને અન્ય મહાનુભાવોએ પણ પધારી ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. સમગ્ર સભાનું સંચાલન હિતેશભાઈએ કર્યું હતું. કીર્તન ભક્તિથી સભાનો પ્રારંભ દિપભાઈએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જેમાં એમણે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રસંગો દ્વારા સભાની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ પૂ. શાશ્વતસ્વામીએ મંદિરની અનિવાર્યતા અંગે સમજ આપી હતી. અશોકભાઈ (સેક્રેટરી) એ મંદિર માટે ભક્તોના સમર્પણના પ્રસંગોની વાત કરી હતી અંતમાં પૂ. સર્વમંગલસ્વામીએ મંદિરની સેવામાં કેવી રીતે નિમિત બનવું અને ગુરુહરિ પ્રબોધ સ્વામીજીની અનુવૃતિમાં કેવી રીતે હોમાઈ જવું એ માટે અદ્ભુત માર્ગદર્શન આપ્યું હતું. સભાની પૂર્ણાહુતિમાં સૌ ભક્તોએ મહાપ્રસાદ લીધા બાદ મંદિરની સેવામાં તન, મન ધન અને આત્માથી સર્વાંગી સહકારનો સંકલ્પ કરી પોતાના ગૃહમંદિર તરફ પ્રયાણ કર્યું હતું.

# નવસારીમાં આરોગ્ય વિભાગની બેઠકો યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૮ :** નવસારી જિલ્લા સેવા સદન ખાતે આયોજિત આરોગ્ય વિભાગની શ્રેણીબદ્ધ બેઠકોમાં જુદી જુદી કામગીરીઓની સૂક્ષ્મ છણાવટ કરતા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ વિવિધ વિભાગોની કામગીરીની સમિક્ષા કરી હતી. તેમણે અધ્યક્ષસ્થાનેથી નાની ઉમરે કરાતા લગ્ન રોકવા લોકોને અસરકારક કાઉન્સેલિંગ કરવા, કુપોષણ જેવી સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ કેળવી માતાઓને પોષણયુક્ત આહાર અને સ્વચ્છ જીવનશૈલી અંગે જાગૃત કરવા, શહેરમાં મચ્છરોના ઉપદ્રવને રોકવા ફોગીંગ સહિત જરૂરી પગલા લેવા, સરકારી કચેરીમાં પબ્લીક દિવસોમાં તમાકુ ખાતા લોકો પાસે દંડ ઉઘરાવવા તથા શાળા અને કોલેજમાં વિવિધ વિભાગના સંકલન સાથે તમાકુના ઉપયોગ અને વેચાણ અંગે આકસ્મિક ચેકીંગ હાથ ધરવા સંબંધિત વિભાગને સુચના આપી હતી. આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટીની ગર્વનિંગ બોડી સહિત સંચારી રોગ, ક્લાઈમેન્ટ ચેન્જ, નેશનલ લેપ્રેસી પ્રોગ્રામ અને નેશનલ ટીબી કંટ્રોલ, માતા મરણ, બાળ મરણ, સિકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ જેવી શાખાઓની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય વિભાગના પ્રતિનિધિ દ્વારા પ્રેઝનટેશનના માધ્યમથી તમામ બેઠકનું સંચાલન કરવામાં આવ્યું હતું. બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારી-કર્ચચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીલીમોરા જય જલારામ મંદિરમાં રામ યજ્ઞ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૮ :** રામ નામ કી લૂંટ હૈ.. લૂંટ શકે તો લૂંટ. અંતકાલ પછતાયેગા, જબ પ્રાણ જાયેંગે છૂટ...આજરોજ રામ નવમીના પવિત્ર પર્વ નિમિત્તે જલારામ મંદિર,બીલીમોરા ખાતે રામયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જલારામ બાપા પોતે ભગવાન શ્રી રામ ના પરમભક્ત અને પોતાના આરાધ્ય દેવ ના જન્મ દિવસ હોય અને તેની ઉજવણી બાપા ના સ્થાનકે હોઈ પછી પૂછવું જ શું??

સવારથી પૂજા, પ્રાર્થના અને યજ્ઞના ભક્તિમય વાતાવરણ માં ભગવાન શ્રી રામ ની સ્તુતિ શરૂ થઈ હતી.બરાબર બાર ના ટકોરે, પ્રભુ શ્રી રામના જન્મ સમયે, મંદિર ના ઉપલા ગૃહ અને નીચેના પરિસરમાં આરતી કરવામાં આવી હતી. અને પૂજા પાઠના અંતે યજ્ઞમાં નાળિયેર હોમવામાં આવ્યુ હતું. સનાતન ધર્મ ની રક્ષા કાજે ભગવાન રામે સમગ્ર જીવન ત્યાગ અને સમર્પણ આધારિત જીવ્યા જે આપણા સૌ માટે ઉદાહરણરૂપ છે. આવા જ ભાવથી,શાસ્ત્રોક્ત વિધિથી સમગ્ર પૂજા અને હોમ હવન, યગ્ન કરવામાં આવ્યો હતો.

બાપાના સ્થાનકમાં પ્રભુ શ્રી રામ ના જન્મ દિને પૂજા અને મહા-સાદ ની સુંદર વ્યવસ્થા કરાઈ હતી.લગભગ ૩૫૦૦ હજારથી વધુ ભક્તજનોએ પૂજા અને મહાપ્રસાદનો લાભ લીધો અને સંતૃપ્તિ અનુભવી હતી. પૂરી, શાક, શ્રીખંડ, ભજીયા, દાળ,ભાત અને મ્હોર્યા થકી સમગ્ર થાળ એ દરેક નાનાં મોટા ભકતજનો માટે ખરેખર મહાપ્રસાદ સ્વરૂપ અનુભૂતિ હતી.

આની સાથેસાથે સામાજિક અને તબીબી કર્તૃત્વ ને હંમેશા પોતાની ફરજ સમજતા જલારામ ટ્રસ્ટ બીલીમોરા દ્વારા પ્રેશર અને સુગર પરીક્ષણ માટે નો કેમ્પ પણ પરિસરની બહાર રાખવામાં આવ્યો હતો. દવા ઈન્ડિયાના પ્રકાશભાઈના સહયોગથી લગભગ ૧૩૦ જણાએ આ સેવાનો લાભ લીધો હતો.

સાંજે ઈશા શક્તિ યોગા ગ્રુપની બહેનો અને હરિયાળી ગ્રુપ ટ્રસ્ટના સહકારથી સમગ્ર મંદિર પરિસર ૩૫૦૦ દીવાઓથી જળહળી ઉઠ્યું હતું.

સમગ્ર આયોજન ટ્રસ્ટીઓના માઈક્રો પ્લાનિંગ, કર્મચારીઓની સખત મહેનત અને સ્વયંસેવકો ની નિસ્વાર્થ ભાવના થકી આ કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો.

# ગણદેવી અંભેટામાં ઘાસના મેદાનમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૮ :** ગણદેવી-આલીપોર માર્ગ લગોલગ અંભેટા ગામે ઊંડાચીયા સ્થિત ઘાસિયા મેદાન માં સોમવાર બપોરે એકાએક આગ ફાટી નીકળી હતી. પવન ની ગતિ સાથે રહેણાંક વિસ્તાર તરફ વિસ્તરી રહેલી આગ ને ગણદેવી-બીલીમોરા ના ફાયર ફાયટરો એ એક કલાક પાણી નો મારો ચલાવી કાબુ માં લેતા લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો ગણદેવી થી આલીપોર નેશનલ હાઈવે નં.૪૮ ને જોડતા સ્ટેટ હાઈવે લગોલગ અંભેટા ગામે સમીર ફાર્મ નજીક ઘાસીયા મેદાનમાં આગ ભભૂકી ઉઠી હતી. જે પવન ની ગતિ સાથે રહેણાંક મકાનો તરફ આગળ વધી રહી હતી. જે અંગે ફાયર વિભાગ ને જાણ કરતા ગણદેવી-બીલીમોરા ફાયર ફાયટર ધસી ગયા હતા. લાશકરો એ સતત એક કલાક પાણી નો મારો ચલાવતા આગ કાબુ માં આવી હતી. અને ખેતરાડી માં આગ અટકી ગઈ હતી. જેને કારણે લોકો એ રાહતનો શ્વાસ લીધો હતો.

# સાપુતારા ઘાટમાર્ગમાં ટ્રક રિવર્સમાં આવી પલ્ટી મારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૮ :** ડાંગ જિલ્લાનાં શામગહાન વિસ્તારમાંથી છાણીયુ ખાતરનો જથ્થો ભરી મહારાષ્ટ્રનાં વણી તરફ જઈ રહેલ ટ્રક.ન.એમ.એચ. ૦૪.સી.યુ. ૦૮૭૨ જેનો સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગનાં તોરણ હોટલ નજીકનાં વળાંકમાં અચાનક મોસમ તૂટી જતા રિવર્સમાં આવી માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રકને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે છાણીયા ખાતરનો જથ્થો વેરવિખેર થઈ જવા પામ્યો હતો. આ અકસ્માતનાં બનાવમાં ચાલક સહીત ક્લીનરને શરીરનાં ભાગે નજીવી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

# વઘઈનાં મુરંબીમાં પાણી પુરવઠાની બેદરકારીનાં પગલે બહેનો દૂરથી પાણી લાવવા મજબૂર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૮ :** ડાંગ જિલ્લામાં ઉનાળાની શરૂઆત થતા જ પાણીની સમસ્યાએ પણ માથુ ઊંચક્યુ હોય તેવું જણાઈ રહ્યુ છે.ડાંગ જિલ્લાનાં મોટાભાગના ગામોમાં પીવાના પાણીની તીવ્ર તંગી જોવા મળી રહી છે.કુદરતી પરિબળોની સાથે સાથે કેટલાક વિસ્તારોમાં માનવસર્જિત સમસ્યાઓના કારણે પરિસ્થિતિ વધુ વણસી છે.જેના પગલે ગ્રામજનો હવે સરકાર પાસે મદદની ગુહાર લગાવી રહ્યા છે.રાજય સરકાર દ્વારા પાણીની સમસ્યાને દૂર કરવા માટે ડાંગ જિલ્લામાં અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે,પરંતુ જયારથી પાણી પુરવઠા વિભાગની કચેરીમાં કાર્યપાલક ઈજનેર તરીકે એચ.બી.ઢીમ્મરે કાયમી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી પાણી પુરવઠા વિભાગની અનેક યોજનાઓ બંદરબાટ સમાન અથવા તો કાગળ પર જ જોવા મળી રહી છે.કાર્યપાલક ઈજનેર એચ.બી.ઢીમરની ખાયકી નિતીનાં પગલે જીવાદોરી સમાન અનેક યોજનાઓ પડી ભાંગી છે.સાથે અમુક માથાભારે તત્વો પોતાના અંગત સ્વાર્થ માટે આ યોજનાઓમાં અવરોધ ઊભો કરી રહ્યા છે.આવો જ એક બનાવ વઘઈ તાલુકાનાં મુરંબી ગામમાં સામે આવ્યો છે.મુરંબી ગામમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની ટાંકી બનાવવામાં આવી છે અને દરેક ઘરે નળ કનેક્શન પણ આપવામાં આવ્યા છે.તેમ છતાં, ગામના લોકોને પીવા માટે પાણી મળતું નથી. જેના કારણે ગામની મહિલાઓને બે કિલોમીટર દૂર આવેલા કૂવામાંથી પાણી ભરી લાવવાની ફરજ પડી રહી છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સરકારી યોજના હેઠળ પાણી પુરવઠા વિભાગ દ્વારા ગામમાં જે કૂવો બનાવવામાં આવ્યો છે, તે કૂવામાંથી પાણી ઉપલબ્ધ હોવા છતાં ગામ લોકોને તેનો લાભ મળી રહ્યો નથી. ગામ લોકોનો આક્ષેપ છે કે જ્યાં આ કૂવો આવેલો છે, તે ખેતરના માલિક પોતાના અંગત ઉપયોગ માટે મોટા પ્રમાણમાં પાણીનો વપરાશ કરે છે અને ગામ લોકોને પાણી આપવાની સ્પષ્ટ ના પાડી દે છે.આ માનવસર્જિત સમસ્યાના કારણે મુરંબી ગામના લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મહિલાઓને સવાર-સાંજ પાણી ભરવા માટે દૂર સુધી જવું પડે છે, જેના કારણે તેમના રોજિંદા કામો પર પણ અસર પડી રહી છે. ગામ લોકોએ સરકાર અને જિલ્લા વહીવટી તંત્રને આ બાબતે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અને તેમની આ માનવસર્જિત પાણીની સમસ્યામાંથી છુટકારો અપાવવાની માંગ કરી છે.હવે જિલ્લા વહીવટી તંત્ર આ ગંભીર બાબતને કેટલી ગંભીરતાથી લે છે અને મુરંબી ગામના લોકોને ક્યારે આ પાણીની સમસ્યામાંથી મુક્તિ મળે છે તે તો આવનાર સમયમાં જોવું રહ્યું. આ ઘટના ડાંગ જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ પાણીની સમસ્યાના નિરાકરણ માટે સરકાર અને સ્થાનિક વહીવટી તંત્રના પ્રયાસો પર સવાલ ઊભા કરે છે.જોકે વહીવટી તંત્ર દ્વારા લોકોની આ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવશે કે પછી ચલતા હૈ ચલને દો નું વલણ અપનાવવામાં આવશે તે તો પ્રશ્ન જ રહ્યો.આ બાબતે પાણીપુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેર એચ.બી.ઢીમરનો સંપર્ક કરતા તેઓએ વાસમો વિભાગનો સંપર્ક કરવા જણાવી હાથ ખંખેરી લીધા હતા. જ્યારે વાસમો વિભાગનો સંપર્ક કરતા તેઓએ મુંરબી ગામનો કૂવો જૂથ પાણી પુરવઠા વિભાગનો હોવાનું જણાવ્યુ હતુ.આ કૂવો કાર્યપાલક ઈજનેર એચ.બી.ઢીમરનો હોવાનું જણાવ્યુ હતુ. ત્યારે અધિકારીઓનાં એક બીજા પર ખો આપવાનાં પગલે લોકોની પરિસ્થિતિ જાયે તો કહા જાયેની થવા પામી છે.તેવામાં જિલ્લાનાં સમાહર્તા બેદરકાર પાણી પુરવઠા સામે લાલ આંખ કરે તે જરૂરી બની ગયુ છે.

# ચીખલી કાવેરી નદી પાસેથી કારમાંથી ૩.૦૩ લાખનો દારૂ સાથે ચાલક ઝડપાયો, એક વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૮ :** ચીખલી ખેરગામ માર્ગ પર આવેલ ચીખલી કાવેરી નદીના બ્રિજ પાસે નવસારી એલસીબીની ટીમે એક એસયુવી કારમાંથી રૂપિયા ૩.૦૩.૫૩૯ નો દારૂ ઝડપી પાડી ચાલકને દબોચી લીધો હતો જ્યારે એક બુટલેગરને વોન્ટેડ જાહેર કરી કુલ રૂપિયા ૮.૦૮.૫૩૯ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી ખેરગામ માર્ગ ઉપર નવસારી એલસીબીના એચસી ગણેશ દીનું તથા સ્ટાફના માણસો નાકાબંધી કરી રહ્યા હતા દરમિયાન ખાનગી રહે બાતમી મળી હતી કે એક મહેન્દ્રા એસયુવી કાર નંબર જીજે ૧૫ સીબી ૯૩૮૮ માં દારૂ ભરીને જઈ રહ્યો છે.

ત્યારે બાતમી વાળી કારને આંતરિ કારની તલાસી લેતા કારમાંથી વિસ્કી તથા ટીન બિયર મળી કુલ ૫૬૯ બોટલ મળી આવી હતી.

જેની કિંમત રૂપિયા ૩.૦૩.૫૩૯ નો મુદ્દા માલ કબજે લેવામાં આવ્યો છે જ્યારે ગાડી ની કિંમત રૂપિયા પાંચ લાખ તેમજ એક નંગ મોબાઈલ કીંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ્લે રૂ. ૮.૦૮.૫૩૯ નો મુદ્દા માલ કબજે લઈ ગાડીનો ચાલક સાવન દિપક છગન પટેલ રહે. રોહીણા ગામ દીપમાળ ફળિયું તા. પારડી જી. વલસાડ ને પકડી પાડી તપાસ કરતા દારૂનો જથ્થો ધર્મીન શૈલેષ પટેલ રહેં. સીંગાડ તા. વાસદા જી. નવસારી ને પહોંચાડવાનો હોવાનું બહાર આવ્યું છે બનાવની વધુ તપાસ નવસારી એલસીબી કરી રહી છે.

# નવસારી શહેરનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩ મી એપ્રિલે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૮ :** નવસારી શહેરનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩ મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ મામલતદાર કચેરી, નવસારી શહેર ખાતે સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજીઓ 'ફરિયાદ નિવારણ કાર્યક્રમ એન્લિ -૨૦૨૫ 'દર્શાવી અરજી મામલતદાર, શહેરને તા.૧૦/૦૪/૨૫ સુધીમાં ટપાલ મારફત અથવા રૂબરૂમાં મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ફરિયાદ અરજીઓ એપ્રિલ ૨૦૨૫ ના કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે નહિ. તેમ શહેર મામલતદાર ધ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## દમણ રેડિયો

આકાશવાણી

102.3 FM

બુધવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૦૯-૦૪-૨૦૨૫, **વારઃ** શુક્રવાર **તિથિઃ** બારસ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧
**સૂર્ય ઉદયઃ** ૦૬:૨૫ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૭ **ચંદ્રરાશિઃ** સિંહ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારે તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે.*

**તુલા (ર.ત.) :** *આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે.*

**મકર(જ.ખ) :** *આજે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કારણ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજના દિવસે તમારું સ્વાસ્થ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે.*

Wednesday 09, April 2025

દમણગંગા ટાઇમ્સ DAMANGANGA TIMES


## દાનહમાં ખાનગી શાળાઓનો નવો ધંધો, ખાસ દુકાનો પરથી જ પુસ્તકો અને યુનિફોર્મ ખરીદવા દબાણ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૦૮ :** દાદરા અને નગર હવેલીમાં ખાનગી શાળાઓની મનમાની સામે વાલીઓમાં રોષ જાગી રહ્યો છે. શાળાઓ પર આરોપ છે કે તેઓ વાલીઓ પર દબાણ કરીને ખાસ દુકાનો પરથી જ બાળકો માટેના પાથ્યપુસ્તકો, યુનિફોર્મ અને સ્ટેશનરી ખરીદવા મજબૂર કરી રહી છે. વાલીઓએ જણાવ્યું કે તેમને શાળાઓ તરફથી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે આખો બુકસેટ અને યુનિફોર્મ અમુક દુકાનથી જ ખરીદવો પડશે. એક વાલીએ કહ્યું, બુકસેટ માટે ૬૦૦૦ રૂપિયા માંગવામાં આવ્યા અને અન્યત્રથી ખરીદવા માંગ્યું તો શાળાએ ઈનકાર કર્યો.

આ મામલે બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના પ્રદેશ અધ્યક્ષ - દાદરા એન્ડ નગર હવેલી, દમણ અને દીવ, પ્રભાકર ભારદ્વાજએ કડક અવાજ ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું કે, ખાનગી શાળાઓ શિક્ષણના નામે વાલીઓનું શોષણ કરી રહી છે. આ આખો વ્યવહાર ધંધા જેવો બની ગયો છે. અમે અત્યાર સુધી અનેક વાલીઓ સાથે વાત કરી છે અને પૂરાવા ભેગા કરી રહ્યા છીએ.

તેમણે સ્પષ્ટતા કરી કે પક્ષે હજુ કલેક્ટરને રજૂઆત કરી નથી કારણ કે તપાસ ચાલુ છે. જ્યાં સુધી પૂરતા પુરાવા નહીં મળે, ત્યાં સુધી અમે મેમોરેન્ડમ નહીં આપીએ. જો વહીવટતંત્ર આ બાબતે પગલાં નહીં લે, તો જનહિતમાં આંદોલન શરૂ કરશું, એમ ભારદ્વાજે કહ્યું શૈક્ષણિક નિયમો અનુસાર, કોઈપણ શાળા વાલીઓને ખાસ દુકાનો પરથી જ પુસ્તકો કે યુનિફોર્મ ખરીદવા મજબૂર કરી શકે નહીં. વાલીઓએ પોતાની ઈચ્છા પ્રમાણે માન્ય પ્રમાણભૂત વસ્તુઓ ક્યાંથી પણ ખરીદવાનો અધિકાર છે.

સ્થાનિક સામાજિક કાર્યકર બૃજેશ ભૂસારાએ પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. અમે ઘણા વાલીઓ પાસેથી ફરિયાદો મેળવી છે કે શાળાઓ ખાસ દુકાનો સાથે ગઠજોડ કરીને વાલીઓને મજબૂર કરી રહી છે. આ ખોટી પ્રથા છે અને તેનો તાત્કાલિક અંત આવવો જોઈએ, એમ તેમણે જણાવ્યું.

જો તપાસમાં શાળાઓ દોષી સાબિત થાય તો સામે કડક પગલાં લેવાય શકે છે. નિયમો મુજબ શાળાને ચેતવણી, શો-કોઝ નોટિસ, દંડ, અને ગંભીર મામલામાં તો મંજુરી કે સંલગ્નતા રદ કરવા જેવી કાર્યવાહી થઈ શકે છે. વાલીઓ જિલ્લા શિક્ષણ અધિકારી કે સીબીએસઈ બોર્ડમાં પણ લેખિતમાં ફરિયાદ કરી શકે છે.

## રખોલી પંચાયતમાં દિનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત વિશેષ શિબિર યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૦૮ :** દાદરા અને નગર હવેલી જિલ્લા પંચાયતના વિકાસ વિભાગ દ્વારા રખોલી ગામ પંચાયત ખાતે દિનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન અંતર્ગત વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા મુખ્ય કાર્યકારી અધિકારી અરુણ ગુપ્તા તથા જિલ્લા વિકાસ અને આયોજન અધિકારી પંકજ એન. પરમારની દેખરેખમાં યોજાયો હતો. શિબિરમાં ગામ પંચાયતના સરપંચ, પંચાયત મંત્રી, જિલ્લા એન.આર.એલ.એમ.ની ટીમ, બેંક ઓફ બરોડા આરસેટીના પ્રતિનિધિઓ અને અંદાજે ૧૫૦ જેટલા સ્વસહાય સમૂહના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જિલ્લા એન.આર.એલ.એમ. ટીમ દ્વારા કેન્દ્ર સરકારની યોજનાઓ અને તેના મુખ્ય ઉદ્દેશોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

સ્વસહાય સમૂહના સભ્યોને તેમની બેઠક રજિસ્ટર અને બચત પુસ્તક વિતરણ કરાઈ હતી તથા તેનું સાચવણ અને ઉપયોગ કેવી રીતે કરવો તે પણ સમજાવવામાં આવ્યું હતું.

મૉડલ સમૂહ બેઠક કેવી રીતે લેવાય અને તેમાં પ્રવર્તતી સમસ્યાઓ કેવી રીતે ઉકેલવી તે અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. જે સમૂહોને હજી સુધી ચક્રિય રકમ મળેલી નથી તેમનાં ફોર્મ પણ શિબિરમાં જ ભરવામાં આવ્યા હતાં.

શિબિર દરમિયાન મહિલાઓ દ્વારા પંચસૂત્રના વિષય પર ચાર્ટ પેપર પર કલાત્મક રજુઆત કરાઈ હતી. બેંક ઓફ બરોડાના પ્રતિનિધિઓએ સરકારની વિવિધ યોજનાઓ અને તેના લાભ અંગે માહિતગાર કર્યા હતા.

## આંબોલી કેન્દ્ર શાળામાં ઉમંગભેર વાર્ષિકોત્સવ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૦૮ :** દાદરા અને નગરહવેલી જિલ્લા પંચાયતના સંચાલન હેઠળ ચાલતી આંબોળી ગુજરાતી માધ્યમની પ્રાથમિક કેન્દ્ર શાળામાં તા. ૦૪ એપ્રિલના રોજ વાર્ષિકોત્સવ ભારે ઉત્સાહ અને આનંદમય વાતાવરણમાં ઉજવાયો હતો. આ પ્રસંગે આંબોળીના કેન્દ્રીય વિદ્યાલયના ૧૬ અને અંગ્રેજી માધ્યમના ૧ મળી કુલ ૧૭ શાળાઓએ સાથે મળીને ભાગ લીધો હતો.

ઉત્સવમાં વિદ્યાર્થીઓએ 'શિક્ષણની ગુણવત્તા', 'નિપુણ ભારત', 'આત્મનિર્ભર ભારત', 'નવી શૈક્ષણિક નીતિ', 'સ્માર્ટ ઈન્ડિયા', 'મોબાઈલ વ્યસન', 'વાતાવરણની હાલત', 'ભારતનો ઈતિહાસ', 'પરીસાવરણ બચાવો', 'બેટી બચાવો, બેટી ??ાવો', 'પાણી બચાવો', 'દેશભક્તિ' અને 'સ્વચ્છ ભારત' જેવા આજના સમયમાં પ્રસ્તુત અને મહત્વના મુદ્દાઓ પર રજુઆતો કરી. કુલ ૧૭ રજૂઆતોએ દર્શકોને વિચારમગ્ન બનાવ્યા હતા અને વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાને ઉજાગર કરી હતી.

## વાપીમાં CA ઈન્સ્ટિટ્યૂટ દ્વારા રામ આયેંગે કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૮ :** ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ની વાપી શાખાએ ખૂબ જ ભક્તિ અને ઉત્સાહ સાથે આર કે દોસાઈ કોલેજ કેમ્પસમાં યોજાયેલા ભવ્ય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમ રામ આયેંગેમાં હાજર રહી ભાગ લીધો હતો. આ કાર્યક્રમમા સન્માન અને ગર્વની ક્ષણમાં, ભગવાન રામની ઉજવણીમાં સમુદાયને એકસાથે લાવનારા આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કાર્યક્રમના આયોજનમાં અસાધારણ પ્રયાસોને માન્યતા આપીને, CA ઈન્સ્ટિટ્યૂટ, વાપી શાખા દ્વારા રામ આયેંગેના ઈવેન્ટ ચેરમેન જીગર પટેલ અને એલિટ ગ્રુપના ફાઉન્ડર ચેરમેન ગિરીશ ખૂબચંદાની નું મોમેન્ટો આપી અને સાંસ્કૃતિક કલા સંગમ ટીમના આર્ટિસ્ટ શ્રી રામ અને સીતા દેવીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સાંસ્કૃતિક મૂલ્યોને સમર્થન આપવા અને આપણા સમાજના સામાજિક અને આધ્યાત્મિક માળખામાં યોગદાન આપનારા વ્યક્તિઓને ઓળખવા માટેની CA ઈન્સ્ટિટ્યૂટની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ કાર્યક્રમમાં વાપી CA ઈન્સ્ટિટ્યૂટ વતી ચેરમેન CAસુમિત દોશી અને તેમની ટીમે સંસ્થાની ભૂમિકાને ઉદાર આમંત્રણ અને વિચારશીલ માન્યતા આપવા બદલ એલીટ ગ્રુપનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આવા હાવભાવ વ્યાવસાયિક સંસ્થાઓ અને સમુદાય સંગઠનો વચ્ચે સહયોગી ભાવનાને મજબૂત બનાવે છે, પરસ્પર આદર અને સહિયારા મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. વાપી CA ઈન્સ્ટિટ્યૂટ સમાજને ઉત્થાન આપતા અને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપતા અર્થપૂર્ણ કાર્યક્રમોમાં ભાગીદારી ચાલુ રાખવા માટે આતુરતા દાખવી હતી.

## ભીનારના ભાગ્યેન્દ્ર પટેલે દિલ્હીનાં પ્રાચીન સાઈ ધામ મંદિરમાં શ્રીરામ કથા-સત્સંગ કર્યો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**


**વાપી, તા. ૦૮ :** રામનવમીના પાવન પર્વની ઉજવણીના ભાગ રૂપે દિલ્હીના કરોલ બાગ ખાતેના પ્રાચીન સાઈ ધામ મંદિરમાં શ્રીરામ કથા-સત્સંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ભક્તિરસનો આ કાર્યક્રમ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ અને સાંસ્કૃતિક રીતે અત્યંત ઉત્સાહપ્રેરક બની રહ્યો હતો. જાણીતા સાહિત્યકાર, નાટ્યકાર અને વક્તા ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા શ્રીરામ કથા સારસંક્ષેપ સાથે ખૂબ જ પ્રભાવશાળી રીતે પ્રસ્તુત કરવામાં કરવામાં આવી જેમાં તેમણે રામાયણને કલાત્મક રીતે આવરી લીધું હતું. સમર્પણ-ભક્તિભાવ દર્શાવતા પ્રસંગોનું ભાવપૂર્ણ વર્ણન કરતાં તેમણે બે કલાક સુધી શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા અને સાથે ભજનોની સરવાણી સાથે રામાયણના કાલાતીત મહાકાવ્યને જીવંત બનાવ્યું હતું. નવયુવક ઊભરતા ગાયક મૃદંગ પટેલ, યોગેશકુમાર, ભારતી વશિષ્ઠ, દિશા શર્મા અને પ્રિશા પંચાલ દ્વારા શ્રીરામનાં ભજનો રજૂ કરવામાં આવ્યાં. અશોકવાટિકામાં શોકગ્રસ્ત સીતાની મદદે પહોંચેલા હનુમાન દ્વારા સિયારામ કી કહાનીનું ખૂબ જ કલાત્મક નૃત્ય-પ્રદર્શન બંગાળી નર્તકી-બેલડી અંકિતા સામંતા અને દિયા દાસ કરવામાં આવ્યું. જેનાથી ભાવિકજનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. સમગ્ર મંદિર પરિસર શ્રીરામમય બનીને અનોખા ઉત્સવમાં રગાઈ ગયું હતું.

આ ભવ્ય કાર્યક્રમનું આયોજન વાંસદા તાલુકાનાં મૂળ વતની શ્રીમતી લતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળ અને રસપૂર્ણ બનાવવામાં રાજેશ પટેલ અને વિજય પંચાલે કુશળ સંયોજન કર્યું હતું.

સાઈ મંદિરનાં સંચાલક મંજુબહેને આ કાર્યક્રમ સુચારુ રીતે ચલાવવામાં અમૂલ્ય સહયોગ આપ્યો અને તેમણે સૌનો આભાર માન્યો હતો.

### વલસાડ કોળી પટેલ પ્રગતિ મંડળ દ્વારા

## રોનવેલમાં ભવ્ય ક્રિકેટ ટૂર્નામેંટનું યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૮ :** પટેલ સમાજ પ્રગતિ મંડળ, વલસાડના ૫૦ વર્ષ પૂરા થવાના ભાગરૂપે સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત કે.સી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્દરોનવેલ ખાતે તા.૦૫ અને ૦૬ એપ્રિલના રોજ ક્રિકેટ મેચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮ ટીમ ઓનારોએ ભાગ લીધો હતો. ટીમનું સિલેકશન ઓક્શન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સ્વેની સ્ટાર, પરનેરા ટીમનું ભવ્ય વિજય થયો હતો. જેને સમાજ તરફથી ૧,૫૦,૦૦૦/- નું ઈનામ અને ટ્રોફી આપવામાં આવી હતી જ્યારે ડોન ઈલેવન, ધડોઈ ટીમ રનર્સ-અપ થઈ હતી. જેને રૂ ૭૫૦૦૦/- નું ઈનામ અને ટ્રોફી આપવામાં આવી હતી. વલસાડના ધારાસભ્ય અને પટેલ સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ એવા ભરતભાઈ દ્વાર ટિમ ઓનરોનો અભિનંદન પાઠવ્યા અને ક્રિકેટનું મધ્યમ યુવાનોને સમાજમાં સંગઠિત થવામાં ખૂબ જ અગત્યનું કામ કરે છે એમ જણાવ્યું હતું.પટેલ સમાજ પ્રગતિ મંડળ વતી આ ટૂર્નામેંટ નું આયોજન ઉજવલ પટેલ, વિરલ પટેલ, રાકેશ પટેલ, તેજસ પટેલ અને સાજન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બન્ને દિવસ પટેલ સમાજ મંડળના કારોબારી સભ્યો હાજર રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો, સમાજના ઉપપ્રમુખ શશીભાઈ પટેલે ટીમના ઓનરો, અમ્પાયરો, કોમેન્ટ્રેટરોનો તેમજ આયોજક મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SHAKILA TO SHAKILA ISMAIL FADRA ADDRESS: - 15/325/ C-7, BANGALOW NUM B-7, GREEN VALLEY VILLA, OPP SAGAR PETROLEUM, KATHIRIA, NANI DAMAN-396210.

## નારગોલ અંબા માતાજીના મંદિરમાં નવચંડી મહાયજ્ઞ યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૦૮ :** નારગોલ નવાતળાવ-૩ ખાતે અંબા માતાજી મંદિરના પટાંગણમાં નવચંડી મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ તાલુકાના નારગોલ ગામે ભંડારી સમાજ નારોલ નવાતળાવ -૩ શાખા સ્થિત જય અંબે મંડળ દ્વારા અંબા માતાજી મંદિરના પટાંગણમાં ગૌર મહારાજની ભૂમિકામાં મયુરભાઈ મહારાજના સાનિધ્યમાં તેમજ સ્થાનિક શાખા પ્રમુખ જયપ્રકાશ ભંડારીની આગેવાની હેઠળ નવચંડી મહાયજ્ઞનું ભવ્ય આયોજન આજે ૦૫/૦૪/૨૦૨૫ શનિવારના રોજ વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ અષ્ટમીના રોજ કરવામાં આવ્યું હતું. સવારે ૮ વાગ્યે ગણેશ પૂજા, ૯ વાગ્યે કળશ યાત્રા, ૧૧ વાગ્યે પ્રધાન પૂજા થતા અભિષેક, ૧૨ વાગ્યે મહાપ્રસાદી ત્યારબાદ રાત્રિના ૯ વાગ્યે આરતી બાદ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવચંડી યજ્ઞમાં કુલ ૪૪ યજ્ઞાર્થઓએ ભાગ લીધો હતો. ગામના તેમજ આજુબાજુ ગામના ભક્તોએ હાજરી આપી મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

## કિલ્લા પારડી પુસ્તક પરબના ત્રણ વર્ષ પૂર્ણ થયા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા. ૦૮ :** વર્તમાન સમયમાં યુવા પેઢીને પુસ્તક વાંચન તરફ આકર્ષિત કરવા તેમજ માતૃભાષા પ્રત્યે ગૌરવભાવ જગાડવા માટે રાજ્યના અનેક નગરોમાં પ્રતિમાસના પ્રથમ રવિવારે માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તક પરબ યોજાઈ રહી છે. આ અભિયાનનો ઉદ્દાત ઉદ્દેશ છે - ભાષા, વાંચન અને વિચારશક્તિના માધ્યમથી સમાજના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવું. વલસાડ જિલ્લાના હૃદય સમાન કિલ્લા પારડી નગરમાં પણ છેલ્લા ૩ વર્ષથી સાહિત્ય રસિકો, પુસ્તક પ્રેમીઓ અને ભાષા પ્રેમીઓ દ્વારા અનોખી રીતે પુસ્તક પરબનું આયોજન થાય છે. વિવિધ વિષયોના ૩૦૦૦થી વધુ પુસ્તકો સાથે આ પરબ મંડાય છે. કિંજલ પંડ્યા, અશોકભાઈ ક્રિષ્નાની તથા તેમની યુવા ટીમ સંપૂર્ણ સ્વયંસેવા ભાવથી આ કાર્ય કરે છે. વાંચે કિલ્લા પારડીનો ઉમદા હેતુ હૃદયસ્થ રાખીને દર પ્રથમ રવિવારે ધીરુભાઈ સત્સંગ હોલ ખાતે આ પરબનું આયોજન થાય છે, જ્યાં નાનાથી મોટાં દરેક વયના વાંચનપ્રેમીઓનું આતુરતાપૂર્વક સ્વાગત થાય છે. આવો, આપણે પણ આ જ્ઞાનયાત્રામાં સહભાગી બનીએ. કિલ્લા પારડીનો સાથ, સહકાર અને સ્નેહ સતત આ કાર્યક્રમને મજબૂત બનાવે છે. દરેક પુસ્તકને તેનો વાચક મળે અને દરેક વાચકને જીવનમાં પુસ્તકો દ્વારા નવી દિશા મળે એજ શુભભાવના.

## ઉમરગામમાં શ્રી રામ જન્મોત્સવની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકામાં પ્રભુ શ્રીરામ ના જન્મોત્સવ પ્રસંગે સોલસુંબા પ્લાટ ફળીયા અંબાજી મંદિર ખાતેથી વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી શોભાયાત્રામાં સેકડોની સંખ્યામાં રામ ભક્તો જોડાયા હતા નાણામંત્રી કનુભાઈ દેસાઈ ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ દહાડ સરપંચ નરેન્દ્રભાઈ નાયક સંજાણ ઉપસરપંચ અને ભાજપ આગેવાન કનુભાઈ સોનપાલ તેજાભાઈ ચૌધરી સહિત ઉપસ્થિત રામભક્તોએ જય જય શ્રી રામના નાદ માહોલ ગુંજાવી મુક્યો હતો. તમામ મહાનુભાવો એ માં અંબાના દર્શન કરી ત્યારબાદ પ્રભુ શ્રીરામને નમન કરી શોભાયાત્રા ને પ્રસ્થાન કરાવ્યું હતું ભાજપ દ્વારા રામ ભક્તો માટે ઠંડા પીણા ની વ્યવસ્થા કરવામાં આવી હતી? ગાંધીવાડી વિસ્તારમાં પણ વિશાળ શોભાયાત્રામાં હજારો રામભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કરી શોભાયાત્રા પરત શ્રી હનુમાન મંદિર ખાતે આવી પહોંચી હતી સંજાણ પ્રસિદ્ધ શ્રી રામજી મંદિર ખાતે રામ જન્મોત્સવ પ્રસંગે હવન પૂજા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં રામ ભક્તો જોડાયા હતા.

ધારાસભ્ય રમણભાઈ પાટકર જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ દીપકભાઈ મિસ્ત્રી સંજાણ ઉપ સરપંચ કનુભાઈ સોનપાલ સહિતના મહાનુભાવો એ પ્રભુ શ્રીરામ સીતા માતા અને લક્ષ્મણજી તેમજ હનુમાનજીના દર્શન કરી વિશ્વ કલ્યાણ ની કામના કરી હતી.

ઉપસ્થિત સૌ રામ ભક્તોને રામ જન્મોત્સવ ની શુભકામના પાઠવી હતી. પાવન પ્રસંગે આયોજકો દ્વારા રામ ભક્તો માટે મહાપ્રસાદનુ આયોજન કરવામાં આવ્યું હતું.

## ધોધડકુવા જલારામ મંદિરે સમૂહ સત્ય નારાયણ કથા યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**કપરાડા, તા. ૦૮ :** કપરાડા તાલુકાના ધોધડકુવા ગામમાં રામનવમીના પાવન અવસરે ભક્તિમય વાતાવરણ વચ્ચે જલારામ મંદિરે સમૂહ સત્ય નારાયણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન રામની ભક્તિમાં લીન થયા હતા. આ પ્રસંગેપંકજભાઈ વ્યાસની ઉપસ્થિતિમાં આ સમૂહ કથા પૂર્ણ થઈ હતી. પંકજભાઈએ તેમના જ્ઞાનપ્રેરક પ્રવચન દ્વારા ભગવાન શ્રીરામના જીવન ચરિત્રનું મહાત્મ્ય ભક્તોને સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભગવાન રામના આદર્શો અને જીવનમૂલ્યો આજે પણ આપણને જીવન જીવવાની સાચી દિશા આપે છે. રામના જીવનમાં આપેલા સંસ્કાર, અનુશાસન, માતા-પિતાનું આજ્ઞાપાલન, ભાઈપણા અને એક નાગરિક તરીકેનું કર્તવ્યપાલન - એ બધું આપણા જીવન માટે માર્ગદર્શક બને તે જરૂરી છે.આ કાર્યક્રમનું આયોજન ધોધડકુવા ગામના જલારામ ભક્ત મંડળ દ્વારા સમગ્ર સમર્પણભાવથી



કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં કથા પૂર્ણ થયા પછી ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી, જેમાં સૌને પ્રસાદનું વિતરણ થવા પામ્યું હતું. આવા પ્રકારના આધ્યાત્મિક કાર્યક્રમો સમાજમાં સારા સંસ્કાર અને માનવતાના વિકારોની પ્રેરણા આપે છે. ગ્રામ્ય વિસ્તારમાં રામનવમી જેવા પાવન દિવસની આ રીતે ભક્તિભાવપૂર્વક ઉજવણી થવી એ ખરેખર આનંદદાયક છે. જલારામ ભક્ત મંડળના તમામ સભ્યોનું સહકાર અને ભક્તોની ઉમંગભરી ઉપસ્થિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.




## જીમખાના સેવક

કોમર્સ કોલેજના જીમખાના સેવક ભાઈનો સતત ચાલીસ વર્ષની એકધારી નોકરી પછી નિવૃત્તિનો અંતિમ દિવસ આવી ગયો. એમની નિવૃત્તિનો વિદાય સમારોહ કોલેજના વિશાળ રમતગમતના મેદાન પર રાખવામાં આવ્યો હતો. જીમખાના પટાવાળાનું નામ ઉત્તમભાઈ રાઠોડ... જેવું એમનું નામ એવા જ એમના શ્રેષ્ઠ ગુણો પણ ખરા !! ઉત્તમભાઈની રમતવીરોમાં લોકપ્રિયતા એટલી બધી કે કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓ ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ એમને યશોચીત વિદાય આપવા ઉપસ્થિત રહ્યા હતા. ૨૦ વર્ષની ઉંમરે નોકરીનો -રંભ કરનાર આજે ઉત્તમભાઈ ૬૦ વર્ષના થયા છતાં રમતગમતના મેદાન પર કસાયેલો માણસ હજી ૪૫ ની આસપાસનો જ લાગે.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત તમામને કોલેજના આચાર્યએ પ્રાસંગિક ઉદબોધન કરતા હળવી શૈલીમાં જણાવ્યું કે આપણી કોલેજમાંથી ક્રિકેટ, બેડમિન્ટન, વોલીબોલ, ટેબલ ટેનિસ, ખોખો, કબડ્ડીના અનેક ખેલાડીઓ તૈયાર થયા એટલું જ નહીં યુનિવર્સિટી તથા રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવીને કોલેજનું નામ પણ રોશન કર્યું પરંતુ ઉત્તમભાઈ રાઠોડ કોલેજના વિશાળ ગ્રાઉન્ડ પર રમાતી વિવિધ ૧૦ થી ૧૨ રમતોમાંથી એક પણ રમત શીખ્યા જ નહીં. એમની નજર સામે સારા પ્લેયર્સ તૈયાર થયા પરંતુ એઓ પોતે કોઈ રમત રમ્યા જ નહીં.



ડો. જે.એમ. નાયક
પૂર્વ આચાર્યશ્રી,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

પ્રિન્સિપાલના સંબોધન બાદ ઉત્તમભાઈનું તેમની પત્નીની હાજરીમાં શાલ ઓઢાડી નાળિયેર, ફુલહારથી એમની સુદીર્ઘ સેવાની નોંધ લઈને શાનદાર અભિવાદન પણ કરવામાં આવ્યું. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો, વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પણ જોરદાર સન્માન થયું. સતત તાળીઓના ગડગડાટ વચ્ચે ૩૦ મિનિટ સુધી એમનું અભિવાદન થતું રહ્યું. શારીરિક શિક્ષણના અધ્યાપકે ઉત્તમભાઈને સન્માનનો પ્રતિભાવ આપવા જણાવ્યું. ખૂબ જ ઓછું બોલતા અને સતત હસતા રહેતા ઉત્તમભાઈ શું પ્રતિભાવ આપશે તે સાંભળવા બધા આતુર હતા. જાહેરમાં બોલવાનો બિલકુલ અનુભવ નહીં છતાં વિદાયના દિવસે વિશાળ સંખ્યામાં ઉપસ્થિતોને જોઈને એમની જીભને જાણે પાંખો આવી. એમના શબ્દો મેદાનની હવામાં ગુંજવા લાગ્યા. ઉત્તમભાઈએ પ્રતિભાવ આપતા પ્રથમ વાક્યે જ છગ્ગો ફટકાર્યો. એમણે કહ્યું કે પ્રિન્સિપાલ સાહેબે જણાવ્યું કે મેં ૪૦ વર્ષો રમતગમતના મેદાન પર સેવા આપી પરંતુ હું એક પણ રમત શીખ્યો નહીં એ વાત એમની તદ્દન સાચી છે. પરંતુ વિવિધ રમતોમાંથી હું જે જીવનમાં શીખ્યો તે આજે હું તમને જણાવવા માગું છું. નાના મોંએ મોટી વાત થઈ જાય તો માફ કરજો.

સાહેબ, જિંદગી પણ એક રમત જ છે, તે ક્યારેક જીતાડે છે તો ક્યારેક હરાવે છે. દરેક રમત વખતે મારા મનમાં આ વાત રમતી રહે છે. જીવનની રમતમાં હું દુઃખ આવી પડે ત્યારે નિરાશ થતો નથી અને સુખ આવે ત્યારે અતિ આનંદથી હરખપદુડો નથી થતો. મારી પત્ની આગળ ઘણી વખત હારી જઈને પણ હું સુખની ખૂબ મોટી જીત હાંસલ કરી લઉં છું. રમતોમાંથી હું એ શીખ્યો છું કે સતત હાર કે જીત થતી નથી. જીવનમાં હારતા શીખવાનું પણ મને જરૂરી લાગે છે. ઘણી વખત હું મારા પોતાના સંતાનો આગળ જીતી શકવાને સક્ષમ હોઊં છતાં પણ જાણી જોઈને હારી જાઉં છું. મારા બાળકોને જીતતા જોઈને એમને જે ખુશી મળે છે એમાં જ મારી પણ ખુશી સમાયેલી છે.

સાહેબ, તમે નહીં માનશો પણ મેદાન પર આવીને સતત મોબાઈલ પર ચોંટી રહેતા વિદ્યાર્થીઓને હું મેદાની રમતો રમવા માટે આગ્રહ કરું છું. હું કોલેજથી ઘરે જાઉં પછી પણ ઉઠતાં બેસતાં વિદ્યાર્થીઓની રમત માટે જ વિચારતો રહું છું. મારું જીવન રમતોત્સવ જેવું જ બની ગયું છે. મેદાન પર આપણી કોલેજના વિદ્યાર્થીઓ જીત મેળવે ત્યારે એમની પીઠ થપથપાવું છું અને હારે ત્યારે એમણે જે ભૂલ કરી હોય તેનું ફરીથી પુનરાવર્તન નહીં થાય તે જોવા માટે એમને જણાવુ છું. મારા સમગ્ર જીવનને મેં રમતગમતના ગ્રાઉન્ડને સમર્પિત કર્યું છે તેનો મને ખૂબ જ આનંદ આજના નિવૃત્તિના દિવસે છે.

ઉત્તમભાઈના જીવન ઉપયોગી પ્રતિભાવને સ્ટેન્ડિંગ ઓવિએશન મળે છે. સતત પાંચ મિનિટ સુધી તાળીઓનો ગડગડાટ થતો રહે છે. કોલેજના સમર્થ સુકાની એવા પ્રિન્સિપાલની આંખોમાં આંખ મેળવીને ઉત્તમભાઈ ગૌરવભેર કહે છે કે સાહેબ મને માફ કરજો.. મને મેદાન પર રમાતી રમતો રમતા નથી આવડ્યું પરંતુ મેદાનમાં રમાતી રમતોમાંથી હું મારા જીવનની પોઝિટિવ રમત રમતા જરૂર શીખ્યો છું તેનો મને આનંદ છે.

## સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં ૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ : જળ સંપત્તિ મંત્રી



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૮

રાજ્યમાં ગત ચોમાસા દરમ્યાન સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થવાને કારણે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહાયેલું છે એટલે આ વખતે ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણીની બિલકુલ તકલીફ નહીં પડે. ગત ૭મી, એપ્રિલ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ટકા જળ સંગ્રહ હતો. જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું હતું કે, સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.જ્યારે, જળ સંપત્તિ રાજ્ય મંત્રી મૂકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે. જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે કે, જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨૫૦૫, વણાકબોરી ડેમમાં ૩૭૦૦ અને કડાણા ડેમમાં ૧૭૪૨ કયુસેક પાણીની આવક ચાલુ છે એટલે હવે, ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે.

## સ્પોર્ટ્સ - સમાચાર

## RCBએ મુંબઈનો કિલ્લો તોડ્યો, વાનખેડેમાં ૧૦ વર્ષ પછી જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એક દાયકા બાદ વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે. IPL 2025ની આ રોમાંચક મેચમાં RCBએ મુંબઈ ઈન્ડિયન્સને ૧૨ રને પરાજય આપ્યો હતો. એક સમયે હાર્દિક પંડ્યા અને તિલક વર્માની તોફાની બેટિંગને કારણે મુંબઈની જીત નિશ્ચિત જણાતી હતી, પરંતુ અંતિમ ઓવરોમાં મેચ પલટાઈ ગયો હતો.પ્રથમ બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રજત પાટીદાર અને વિરાટ કોહલીની અડધી સદીની મદદથી ૨૨૧ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખરાબ રહી હતી અને ૧૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને માત્ર ૯૯ રન જ બનાવી શકી હતી. જો કે, ત્યારબાદ કેપ્ટન હાર્દિક પંડ્યાએ માત્ર ૧૫ બોલમાં ૪૨ રન અને તિલક વર્માએ ૨૯ બોલમાં ૫૬ રનની તોફાની ઈનિંગ રમીને મેચમાં રોમાંચ લાવી દીધો હતો. આ બંને બેટ્સમેનો આઉટ થતાં જ RCBની જીત નિશ્ચિત થઈ ગઈ હતી.૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં મુંબઈની શરૂઆત સારી નહોતી રહી. ઈમ્પેક્ટ પ્લેયર તરીકે આવેલા રોહિત શર્મા માત્ર ૯ બોલમાં ૧૭ રન બનાવીને યશ દયાલનો શિકાર બન્યા હતા. ત્યારબાદ રેયાન રિકલટન પણ ૧૯ બોલમાં ૧૭ રન બનાવીને પેવેલિયન ભેગો થયો હતો. ૩૮ રનમાં બે વિકેટ પડ્યા બાદ સૂર્યકુમાર યાદવ અને વિલ જેક્સ પર ટીમનો મદાર હતો. જો કે, સૂર્યા પણ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો અને ૨૬ બોલમાં ૨૮ રન બનાવીને આઉટ થયો હતો. તે પહેલાં વિલ જેક્સે ૧૮ બોલમાં ૨૨ રનનું યોગદાન આપ્યું હતું.૯૯ રનમાં ૪ વિકેટ પડી ગયા બાદ એવું લાગતું હતું કે RCB સરળતાથી જીતી જશે, પરંતુ હાર્દિક પંડ્યાએ આવતાની સાથે જ આક્રમક બેટિંગ શરૂ કરી દીધી હતી અને તિલક વર્મા સાથે મળીને મેચનો પલટો કર્યો હતો. ૧૩મી ઓવરમાં ૧૭ રન આવ્યા, જ્યારે જોશ હેઝલવુડે ૧૪મી ઓવરમાં ૨૨ રન આપ્યા. ૧૫મી ઓવરમાં ૧૯ રન બન્યા અને ૧૬મી ઓવરમાં ૧૩ રન બનતા મેચ મુંબઈના પક્ષમાં જતો જોવા મળતો હતો. ૧૭ ઓવરના અંતે મુંબઈનો સ્કોર ૪ વિકેટે ૧૮૧ રન હતો.જો કે, ભુવનેશ્વર કુમારે ૧૮મી ઓવરમાં તિલક વર્માને આઉટ કરીને RCBને રાહત અપાવી હતી. ત્યારબાદ ૧૯મી ઓવરના પ્રથમ બોલ પર જોશ હેઝલવુડે હાર્દિક પંડ્યાને આઉટ કરીને RCBની જીત લગભગ નિશ્ચિત કરી દીધી હતી. મુંબઈને છેલ્લા ૧૨ બોલમાં ૨૮ રનની જરૂર હતી, પરંતુ હેઝલવુડે ૧૯મી ઓવરમાં માત્ર ૯ રન આપ્યા. અંતિમ ઓવરમાં ૧૯ રનની જરૂર હતી અને કૃણાલ પંડ્યાએ પ્રથમ બે બોલમાં બે વિકેટ લઈને RCBની જીત પર મહોર મારી દીધી હતી.

RCB માટે કૃણાલ પંડ્યાએ ૪ ઓવરમાં ૪૫ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. જોશ હેઝલવુડે ૩૭ રનમાં ૨ અને યશ દયાલે ૪૬ રનમાં ૨ વિકેટ લીધી હતી. બેટિંગમાં વિરાટ કોહલીએ ૬૭, દેવદત્ત પડિક્કલે ૩૭, કેપ્ટન રજત પાટીદારે ૬૪ અને જીતેશ શર્માએ ૧૯ બોલમાં અણનમ ૪૦ રન બનાવ્યા હતા.

## ‘લૂ’ થી બચવા માટે શું કરવું, શું ન કરવું ?




### હિટ વેવની આગાહીના પગલે નાગરિકો પોતાના આરોગ્ય તથા પશુપક્ષીઓને લૂ થી બચાવવા કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી

ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શકયતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પશુપક્ષીઓને લૂ થી બચાવવા કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. જિલ્લામાં હિટવેવ અંગેની અસરને ધ્યાને લેતા જાહેર જનતા માટે સાવધાની માટે કેટલાક સુચનો અનુસરવા અનુરોધ કરાયો છે.

**આટલું કરો**

રેડિયો સાંભળો, ટી.વી જુઓ, હવામાન અંગે ના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિષે ની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તરસના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવો. વાઈ, હ્રદય, કીડની કે યકુત સંબંધિત બિમારી થી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહી ની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જેમના શરીરમાં પ્રવાહિનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડૉકટર ની સલાહ લેવી.

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરો. વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સૂતરાઉ વસ્ત્રો પહેરો. જો તમે ઘરની બહાર હોવ તો, માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપી થી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચા ના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો. બાળકો, વ્રુદ્ધો, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લુ ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે. તેમની વિશેષ કાળજી લો.

**કામદાર અને નોકરીદાતા માટે આટલું કરો**

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરો. તમામ કામદાર માટે આરામ ની વ્યવસ્થા, શુદ્ધ પાણી, છાસ, ઓ.આર.એસ, બરફ ના પેક, પ્રાથમિક સારવારની પેટી ની વ્યવસ્થા કરો. કાર્ય કરતી વખતે સીધો સુર્ય પ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળો, સખત મહેનતનું કામ દિવસના ઠંડા સમયે ગોઠવો.

બહારની પ્રવુત્તિઓ માટે વિશ્રાંતિ સમય અને તેની સંખ્યા વધારો. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયલ નથી તેમણે હળવુ તેમજ ઓછી અવધી માટે કામ આપો. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલર્ટ વિશે માહિતગાર કરો. શક્ય હોય ત્યા સુધી ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરો. ઢીલા કપડા પહેરો અને ઠંડા પાણીમાં વારવાર સ્નાન કરો. આપના કાર્યાલય કે રહેઠાણના સ્થળે આવતા ફેરિયા કે ડીલીવરી માણસને પાણી પીવડાવો,કાર પુલીંગ અથવા તો જાહેર વાહન વ્યવહારના સાધનનો ઉપયોગ કરો. જો તમને ચક્કર આવતા હોય કે બિમાર હોવ તો તબીબી સલાહ લો અથવા ઘર ના કોઈ સદ્સ્ય ને કહો કે તમને તબીબ પાસે લઈ જાય.

**ઘરને શીતળ રાખવા માટે આટલું કરો**

ઘરની દીવાલો ને સફેદ રંગ થી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે ફુલ રુફ ટેક્નોલોજી, હ્વાની અવર જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો ફુલ ઈન્સ્યુલેશન નો ઉપયોગ કરો.સૂકા ઘાંસ ની ગંજી છત ઉપર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સુર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનિયમ ફોઈલ કવર વાળા પુંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે બારીઓ ખોલો. બને ત્યા સુધી નીચેના માળ ઉપર રહો,લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાન કે કુદરતી રીતે ઠંડું રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાથી બહાર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારું વિજળીનું બિલ ઓછું કરશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ચણતર કરો કે ગરમી ને રોક્શે અને વધુ હવાને પરસ્પર થવા દેશે. દીવાલ ને રંગવા માટે ચુનો અથવા કાદવ જેવા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પુર્વે મકાન બાંધકામના નિશ્રાંત ની સલાહ લો.

**લુ લાગેલ વ્યક્તિની સારવાર**

ભીના કપડા નો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો.શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ.અથવા લીંબુ સરબત/તોરાની જેવું પ્રવાહિ આપો. વ્યક્તિને તાત્કાલિક નજીક ના સ્વાસ્થ્ય કેંદ્ર ઉપર લઈ જાવ.જો શરીરનુ તાપમાન એકધારું વધતું હોય, માથાનો અસહ્ય દુખાવો હોય.ચક્કર આવતા હોય. નબળાઈ હોય,ઉલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયો હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવો.

**આટલુ ન કરો.**

બપોર ના ૧૨ વાગ્યા થી ૩ વાગ્યા સુધી તડકા માં ન જાવ,જ્યારે તમે બપોરના બહાર હોવ ત્યારે શ્રમ પડે તેવી પ્રવુત્તિ ન કરો. ઉઘાડા પગે બહાર ન જાવ. આ સમયે રસોઈ ન કરો રસોડામાં હવાની અવર જવર માટે બારી બારણા ખુલ્લા રાખો.

શરીર માથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણા જેમકે શરાબ,ચા,કોફી,સોફ્ટ ડ્રીક્સ ન લો, પ્રોટીનની વધુ માત્રા વાળા, મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહાર ને ત્યજો.

**કૃષિ વિષયક આટલુ કરો.**

ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરો. પાક વિકાસની મહ્ત્વના સ્તરે સિંચાઈ ની માત્રા વધારો. નિદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટ વેવ કે લુ ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિક્લર થી સિંચાઈ કરો.

**પશુપાલન -આટલુ કરો**

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુસ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસે થી સવારના ૧૧ વાગ્યા થી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. આશ્રય સ્થાનનુ તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજી થી ઢાંકો, અથવા તો છાણ કાદવ અથવા સફેદ રંગ થી રંગો. આશ્રય સ્થાનમાં પંખા લગાવો,પાણીનો છટકાવ કરો કે, ફોગસ લગાવો બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છટકાવ કરો અથવા પશુને પાણીના હવાડા નજીક લઈ જઈ જાવડઅહારમાં તેમને લીલો ચારો આપો. પ્રોટીન્ચરબી વગરનો આહાર આપો, ખનીજ દ્ર્વ્ય યુક્ત ખોરાક આપો. જ્યારે બહુ ગરમી મ પડતી હોય એ સમયે ચરાવા લઈ જાવ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવ્સ્થા કરો.

**આટલુ ન કરો**

બપોર ના સમયે પશુઓ ને ચરવા ન લઈ જાવ.

### દર મહિને ૧૨૪ લાખ ભાડું ચૂકવશે

## શાહરૂખે મન્નત બંગલો છોડ્યો, પરિવાર સાથે પાલી હિલના ફલેટમાં શિફ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને તેના પરિવારે તેમના પ્રતિષ્ઠિત ઘર, મન્નતને અસ્થાયી રૂપે વિદાય આપી છે, કારણ કે તેનું નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરમાં, તેઓ બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા, જ્યાં તેઓ લગભગ બે વર્ષ રહેશે. શાહરૂખ, તેની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે, તાજેતરમાં તેમના નવા કામચલાઉ નિવાસસ્થાનમાં જોવા મળ્યો હતો. પરિવારના ઘરનું હાલમાં નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરના વિડિઓમાં શાહરૂખ, તેની પત્ની ગૌરી અને પુત્રી સુહાના તેમની કારમાંથી બહાર નીકળીને એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા. સુહાના તેજસ્વી પીળા રંગના પોશાક પહેરેલી જોવા મળી હતી, જ્યારે શાહરૂખે કડક સફેદ શર્ટ પહેરીને સાદગી રાખી હતી.આખા પરિવારને એકસાથે જોઈને ચાહકોમાં ઉત્સાહ ફેલાયો હતો. શાહરૂખ, પત્ની ગૌરી અને બાળકો - આર્યન, સુહાના અને અબરામ-બાંદ્રાના નજીકના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગના ચાર માળમાં સ્થળાંતરિત થયા છે. એક અહેવાલ મુજબ, શાહરૂખે આ માળ ફિલ્મ નિર્માતા વાશુ ભગનાની પાસેથી ભાડે લીધા છે. શાહરૂખની રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટે ભગનાનીના અભિનેતા પુત્ર, જેકી ભગનાની અને તેમની પુત્રી, દીપશિકા દેશમુખ સાથે રજા અને લાઈસન્સ કરાર કર્યો છે, જેઓ પૂજા કાસા નામની મિલકતના સહ-માલિક છે.સૂત્રોએ જણાવ્યું હતું કે મન્નતમાં નવીનીકરણનું કામ મે મહિનામાં શરૂ થવાનું હતું. આમાં બંગલાના લાંબા સમયથી પ્રસ્તાવિત વિસ્તરણનો સમાવેશ થાય છે, જેના માટે શાહરૂખે કોર્ટની પરવાનગી મેળવવી પડી હતી. મન્નત ગ્રેડ ૩ હેરિટેજ માળખું છે, અને કોઈપણ માળખાકીય ફેરફાર યોગ્ય પરવાનગી મેળવ્યા પછી જ થઈ શકે છે. આંતરિક સૂત્રોએ શેર કર્યું કે ચાર માળમાં ફક્ત ખાન પરિવાર જ નહીં પરંતુ તેમના સુરક્ષા કર્મચારીઓ અને સ્ટાફ પણ રહેશે અને કેટલીક ઓફિસ જગ્યા પણ હશે.

“તે સ્પષ્ટપણે મન્નત જેટલું વિશાળ નથી; તેના સુરક્ષા કર્મચારીઓ અને અન્ય સ્ટાફને સમાવવા માટે પૂરતી જગ્યા છે.

## અલ્લુ અર્જુન અને એટલીની ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરા આઉટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

તાજેતરમાં એવી અફવાઓ હતી કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને એટલીની આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે, પરંતુ સૂત્રોએ તેને ખોટી ગણાવી છે. સુત્રોએ જણાવ્યું છે કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને દિગ્દર્શક એટલીની આગામી ફિલ્મનો ભાગ નથીઆ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ પુષ્ટિ આપી હતી કે, “અલ્લુ અર્જુન અભિનીત અને એટલી દિગ્દર્શિત આ ફિલ્મ ખૂબ જ મોટા પાયે બનાવવામાં આવી રહી છે અને તેની ખૂબ જ અપેક્ષા છે. જ્યારથી આ પ્રોજેક્ટ જાહેર થયો છે, ત્યારથી તેની સાથે ઘણા નામો જોડાયેલા હોવાની અફવાઓ ચાલી રહી છે. પ્રિયંકા ચોપરાનું નામ પણ ચર્ચામાં રહ્યું છે, પરંતુ તે ક્યારેય આ ફિલ્મનો ભાગ રહી નથી. બધા અહેવાલો ફક્ત અટકળો છે.”આ બહુપ્રતિક્ષિત ડ્રામા ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે કોણ જોડાય છે તે જોવું રોમાંચક રહેશે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ડબલ રોલ ભજવશે, જ્યારે પહેલા એવી ચર્ચા હતી કે ફિલ્મમાં બે હીરો હશે. અલ્લુ અર્જુનની ટીમે પુષ્ટિ આપી છે કે અલ્લુ અર્જુન આ પ્રોજેક્ટમાં મુખ્ય ભૂમિકા ભજવશે. ફિલ્મનું નિર્માણ શરૂઆતના તબક્કામાં હોવાથી, ફિલ્મના કલાકારો, ક્રૂ અને વાર્તા વિશે વધુ વિગતો ગુપ્ત રાખવામાં આવી છે. અલ્લુ અર્જુન છેલ્લે ‘પુષ્પા-૨’માં જોવા મળ્યો હતો, જે ખૂબ જ સફળ રહ્યો હતો અને તેણે બોક્સ ઓફિસના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. દરમિયાન, પ્રિયંકા ચોપરા હાલમાં એસએસ રાજામૌલીની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. તાજેતરમાં તે ઓડિશામાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES



પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ 9879374605


## ઉમરસાડી માછીવાડમાં સમુહ સત્યનારાયણ કથા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી, તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં શ્રી માછી મહાજનપંચ સંચાલિત ગુરુસેવક સમિતિ, મહિલા મંડળ તથા મંદિર કમિટી દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ સમુહ સત્યનારાયણ કથાનું આયોજન ઉપરાંત શ્રી માછી મહાજનપંચ આયોજિત રામનવમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સત્યનારાયણ કથામાં સ્વેચ્છાએ ૧૦ દસ યુગલોએ નામ નોંધાવી પૂજાનો લાભ લીધો હતો. ગોળ મહારાજ ધર્મેશભાઈ ઉપાધ્યાયના તથા અન્ય ભૂદેવોના આશીર્વાદ, મંત્રોચ્ચાર, પૂજા - અર્ચના, આરતી જેવી વિવિધ પ્રકારની વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. સત્યનારાયણ કથા સંપન્ન બાદ બપોરે બાર ૧૨ કલાકે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામજીની મંદિરના પૂજારી મારફતે આરતી ઉતારવામાં આવી હતી. સત્યના કથા, ભગવાન શ્રીરામ દર્શન તથા આરતીનો લાભ લેવા આખું ગામ મંદિરમાં ઉમટી પડ્યું હતું. ભાવિક ભક્તજનોથી આખુ મંદિરનું પ્રતાંગણ ખીચો - ખીચ ભરેલુ જોવાં મળ્યું હતું. મંદિર પરિસરમાં ઊભા રહેવાની પર જગ્યા ન હતી જેથી કરી યુવાન મિત્રો, નાના ભૂલકાઓ, વડીલબંધુઓ મંદિરની બહાર ખડા પગે ઉભા રહી આરતીનો લાભ લીધો હતો. આરતી પત્યા બાદ ભજન કીર્તન, રામધૂનથી આખું મંદિર ગુંજી ઉઠ્યું હતું. રામલલ્લા પ્રભુના દર્શન , પ્રસાદ તથા મહાપ્રસાદનો લાભ લઇ ધન્યતા અનુભવી ભાવિક ભક્તોજનો વિખુટા પડ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી માછી મહાજનપંચના પ્રમુખ સુરેશભાઈ પી. ટંડેલ, ઉપપ્રમુખ ક્રિષ્નાભઈ વી. ટંડેલ, અન્ય હોદ્દેદાઓ તથા મેમ્બર્સ ભાઈઓ, મહિલા મંડળના પ્રમુખ તથા અન્ય હોદ્દેદારો, ગુરુસેવક સમિતિના હોદ્દેદારો તથા મંદિર કમિટીના સભ્યશ્રીઓ, ગામના આગેવાનો, માતાઓ, બહેનો, યુવાન મિત્રો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને પાર પાડવાની સંપૂર્ણ જવાબદારી મુક્તિ ફોજના શીરે હતી. સમગ્ર ફળિયું તનતોડ મહેનત કરતાં નજરે પડ્યા હતાં. સમગ્ર ફળિયાના સહિયારો પ્રયાસો થકી સત્ય નારાયણ પૂજા તથા રામનવમી પર્વ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.



## પારડી સરકારી હોસ્પિટલ ખાતે ભાજપ સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ભાજપ સ્થાપના દીવસ નિમિત્તે પારડી શહેર ભાજપ દ્વારા પારડી સરકારી હોસ્પિટલ તથા મોહનદયાળ હોસ્પિટલ મુકામે દાખલ દર્દીઓ ની મુલાકાત લઈ ફળ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમા પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, મહામંત્રી અશોક પ્રજાપતિ, ઝુબીન દેસાઇ, ઉપપ્રમુખ નિલ શેઠ, અજીત ભંડારી, બીજલ દેસાઇ વિગેરે તથા પારડી નગરપાલીકા કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી તથા ઉપપ્રમુખ ફાલ્ગુની બેન ભટ્ટ મહિલા કોર્પોરેટરો સાથે નગર ના પ્રતિષ્ઠીત નાગરીકો હાજર રહ્યા હતાં.

## રામનવમી પર્વ નિમિતે પારનેરા ડુંગરે ઘેરૈયાઓએ ઘોરની રમઝટ બોલાવી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** સોનવાડા, દરા ફળિયા પ્રગતિ મંડળ કિલ્લા પારડી, જિલ્લા વલસાડના ઘેરૈયા મારફતે રામનવમીના પાવન દિવસે પાનેરા ડુંગર પર બિરાજમાં ચંડિકા માતાજીને રિઝવવા ઘોર ની રમઝટ બોલાવવા આવી હતી. જેમાં કવિયા ( ગવૈયા ) રાજુભાઈ બી. પટેલ તથા ભીખુભાઈ એ. પટેલ મુખ્ય ભૂમિકા ભજવી હતી. માતાજીના દર્શન કરવા ઉમટેલી માનવ મેડની આ જોઈને ખૂબજ પ્રભાવિત થયા હતાં. આ રીતે ઘોર રમી પ્રાચીન સંસ્કૃતીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કદાચ આપણે હંમેશા એવી વાતો કરતા હોઈએ કે હવે પહેલા જેવું કંઈ નથી, આજની પેઢી સંસ્કૃતિ નથી સાચવી શકતી, આપણી વિરાસત ભુલાતી જાય છે. પણ કેટલાય એવા લોકો છે કે જેને ઘરે ઘેરૈયા બોલાવે છે, એમણે કહેલી અથવા તો એમણે ગાયેલી વાતો યાદ રાખે છે... તો ખરેખર જેની લોક વાયકા કહી શકો અથવા ઈતિહાસ કહી શકો જે જોડાયેલી છે. અને ખૂબજ કર્ણપ્રિય લાગે અને ફક્ત અને ફક્ત દિવાળીમાં જ આવે છે જેને જોઈને તો મજા આવે છે. પણ પગ આપોઆપ થાપ પાડવા લાગે છે. એક એક લાઈન ખૂબ જ અર્થસભર છે. એમના કેટલાક શબ્દો... જેમ કે અખંડ રાખજો તમારી જોડી રે પુત્ર ને પરિવારથી માંડીને ભરેલી તિજોરીમાં નાખ્યો હાથ પૈસા કાઢ્યા પાંચસો ને સાત... વગેરે આવા તો અનેક અર્થભર અને ક્યારેક રમુજી પર અર્થ નીકળી શકે છે એવા ઘેરૈયાને જો સાચા દિલથી આગળ વધારશો તો ખરેખર પોતે પણ સંસ્કૃતિને સાચવેલી કહેવાશે. આમ લુપ્ત થતી જતી આવી પ્રાચીન સંસ્કૃતીનું ધરોહર તરીકે જાણીતું ઘોરની ટકાવી રાખવુ આપણી ઉત્તમ ફરજ થઈ પડે છે.

## કોલકમાં માછી મહાજન પંચ કોલક દ્વારા વિષ્ણુ યાગ યજ્ઞ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના કોલક ગામમાં શ્રી માછી મહાજન પંચ કોલક દ્વારા ચૈત્ર સુદ નોમ તા. ૦૬/૦૪/૨૦૨૫ને રવિવારે શ્રી રાધાકૃષ્ણ મંદિર કોલક, ખાતે રામનવમી શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે વિષ્ણુ યાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું આ યજ્ઞમાં વિશાળ સંખ્યામાં ગામના અગ્રણી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો અને પૂજા પાઠમાં જોડાયા હતા. માજી સરપંચ કિશોરભાઈ ટંડેલ સહિત મોટી સંખ્યામાં માછી સમાજના ભાઈ બહેનોએ યજ્ઞની પૂજામાં ભાગ લઈને શ્રીરામ ભગવાનના જય જય કારા સાથે પૂજા વિધિ સંપન્ન કરાવી હતી અને યજ્ઞને સફળ બનાવ્યો હતો.

## પારડી પંથકમાં રામનવમીની ઠેર ઠેર ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી પંથકમાં રામનવમી ના પાવન અવસરે ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી. પારડી નગરના શાકભાજી માર્કેટ, ઓમકાર યુવક મંડળ ચીવલ રોડ, રશ્મિ સોસાયટી, શ્રીરામ ચોક, કોટલાવ ભંડારવાડ સહિત વિવિધ વિસ્તારોમાં રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવતા પારડી પંથક રામમય બન્યું હતું. સવારથી હવન યજ્ઞ સાથે આરતી અને મહાપ્રસાદનું આયોજન કરતા મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. તેમજ શોભાયાત્રા નીકળતા ભક્તિમય માહોલ

બન્યો હતો. ભક્તો માટે ગરમીમાં છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. પારડી નગરમાં રામનવમી ના પાવન અવસરે શોભાયાત્રા નો મુસ્લિમ બિરાદરો દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરતા કોમી એકતાનો ઉદાહરણ જોવા મળ્યું હતું. આ સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પારડી પોલીસ મથકના પી.આઈ જી આર ગઢવી અને તેમની ટીમ ચુસ્ત બંદોબસ્તમાં તૈનાત જોવા મળી હતી. ભગવા પહેરવેશ અને ધજા તથા જય શ્રી રામના જયઘોષ સાથે ઠેર ઠેર શોભાયાત્રા નીકળતા પારડી નગર રામમય બન્યું હતું.

## પરિયાના સાંઈ મંદિરનો ૧૩મો પાટોત્સવ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડીમાં ભેસલાપાડ પરિયા રોડ માં આવેલ સાઈ મંદિર ખાતે ૧૩માં પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી સાઈ મંદિર ના પાટોત્સવ નિમિત્તે યજ્ઞ માં જોડાઓ બેઠા હતા. પૂજા અર્ચના કરી ધજારોહણ બાદ આરતી અને સાંજે પાલકી યાત્રા નીકળી હતી. જેમાં ભક્તિમય ગીતો સાથે પારડી ચાર રસ્તા થઈ પરત મંદિર સુધી યાત્રામાં ભક્તો જોડાયા હતા. અને મહાપ્રસાદનું આયોજન કરતા મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ આસપાસના ભક્તોએ લાભ લીધો હતો. ભજન સંધ્યાનું આયોજન કરી ધામધૂમથી સાઈ મંદિરના ૧૩ મો પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ આ સાથે રામનવમીના દિવસે આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે રોશન મહારાજ, રાજેશ યાદવ, દિલીપ જોગી, રાજુ એમ. પટેલ, મહેશભાઈ, કીકુભાઈ, રાજુભાઈ, સંતોષભાઈ વગેરે ગામના અગ્રણીઓ, મહિલાઓ, વડીલો યુવાઓ જોડાયા હતાં.

## પારડીના ડુંગરીમાં કોળી પટેલ પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના ડુંગરી ગામે શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત કોળી પટેલ -મિયર લીગ સીઝન ૫ ની ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી ક્રિકેટ ટુર્નામેન્ટ દક્ષિણ વિભાગ કોળી સમાજ જીકેપીએલ ૫ માં કુલ નવ ટીમો એ ભાગ લીધો હતો. જે ટુર્નામેન્ટના ફાઈનલમાં મોતીવાડા કિંગ અને જોય ઈલેવન ગોઈમાં વચ્ચે રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો. જેમાં મોતીવાડા કિંગ ની ટીમ વિજેતા બની હતી. જ્યારે જોય ઈલેવન ગોઈમાની ટીમ રનર્સઅપ રહી હતી. આ ટુર્નામેન્ટ નો હેતુ સમાજની એકતા જળવાઈ રહે તથા ટુર્નામેન્ટમાં આવેલ સહાયરૂપ રકમ જરૂરિયાત મંદોની સેવા કરવાનો છે. સર્વ સમાજ માટે શિક્ષણ મેડિકલ તેમજ અન્ય ક્ષેત્રે સહાય કરવામાં આવે છે અને આ ટુર્નામેન્ટમાં આવેલ રકમ દ્વારા શિક્ષણ ક્ષેત્રે એજ્યુકેશન કીટ આપવામાં આવશે હોવાનું અગ્રણીઓએ જણાવ્યું હતું. ટુર્નામેન્ટના અંતે વિજેતા મોતીવાડા કિંગ ને રૂ. ૧.૫૧ લાખ નો રોકડ પુરષ્કાર અને ટ્રોફી દિનેશભાઈ પટેલ ના હસ્તે તેમજ રનર્સઅપ ટીમ ને જોય ઈલેવન ગોઈમા ને રૂ. ૧.૧૧ લાખ નો રોકડ પુરષ્કાર મહેમાનો ના હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધી સિરીઝ રાજ પટેલને ગોઈમા ના પ્રજ્ઞેશ અમ્રતભાઈ પટેલ દ્વારા ઈ-બાઈક એનાયત કરવામાં આવી હતી. તેમજ મેન ઓફ ધી મેચ મિતુલ પટેલ, બેસ્ટ બોલર જય પટેલ, બેસ્ટ બેટ્સમેન મિતુલ પટેલ, ઈમેજિંગ પ્લેયર રિકેન પટેલ, બેસ્ટ ફિલ્ડર ઉજ્જવલ પટેલ ને ટ્રોફી મેડલ તથા રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા દિનેશભાઈ ભાણાભાઈ પટેલ પરિવાર સાથે ખંડુભાઈ પટેલ ઉત્તમભાઈ પટેલ ડુંગળી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ સમય ભાઈ પટેલ સુરેશભાઈ પટેલ હેમંતભાઈ પટેલ તેમજ દક્ષિણ વિભાગ કોળી સમાજ અને યુવાઓ અગ્રણીઓ ભારે જહમત ઉઠાવી હતી.

## પંચલાઈમાં સાંઈધામ ખાતે સદાવ્રતનો પ્રારંભ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના પંચલાઈ ગામે આવેલ સાઈધામ ખાતે રામનવમીના પાવન દિવસ થી સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો છે રામ જન્મોત્સવ પાવન પર્વે સાઈધામ ખાતે ગામેગામ થી પાલકી આવી પહોંચી હતી. જ્યાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં સતિષભાઈના માતૃશ્રી લીલાબેન ના હસ્તે સદાવ્રત નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ -સંગે શોભાયાત્રા માં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા આ સાથે મહાપ્રસાદ માં ગ્રામજનો તેમજ મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો રાત્રિના ૯ કલાકે સદા વ્રતના લાભાર્થે લોક ડાયરોનો આયોજન કરવામાં આવ્યું હતું. સતિષભાઈ એ જણાવ્યું કે પંચલાઈ સાઈધામ ખાતે સદા ને માટે સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અને પંચલાઈ સાંઈ ધામ પણ શિરડી જેવું એક ધામ બની રહ્યું છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી નું પુષ્પગુચ્છ આપી સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને મંત્રી એ દર્શન કરી શુભેચ્છા આપી હતી.

## ઓરવાડમાં રામ સેવા સમિતિ દ્વારા રામનવમી મહોત્સવની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડીના ઉદવાડા આરએસ ઓરવાડ ખાતે શ્રી રામ સેવા સમિતિ દ્વારા રામ જન્મ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. રામનવમી પર્વ ને લઇ પોથીયાત્રા નીકળી રેંટલાવ, ઉદવાડા સ્ટેશન થી ઓરવાડ માણેક નગર ખાતે પહોંચી હતી. રામ નવમી ના પાવન અવસરે શ્રીરામને પારણા ઝુલાવી, દીપ પ્રગટાવી, આરતી કરી ભજન કીર્તન સાથે પૂજા અર્ચના કરવામાં આવી હતી. અને મહાપ્રસાદનું આયોજન કરતા મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. શ્રી રામ સેવા સમિતિ દ્વારા ૪૯ માં વર્ષે રામનવમી ની ઉજવણી કરવામાં આવતા ભક્તો અને ગ્રામજનો નો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વેપારી ભાઈઓ, અગ્રણીઓ, આસપાસના ગ્રામજનો અને ભક્તો જોડાઈને રામનવમી મહોત્સવની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

## કોટલાવના પાદરદેવી માતાના મંદિરનો ત્રીજો પાટોત્સવ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના કોટલાવ ગામમાં પ્રાચીન પાદરદેવી માતા ના મંદિરનો જીર્ણોદ્ધાર થયા બાદ તાજેતરમાં જ ત્રીજો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો આ પાટોત્સવમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ચંડી યજ્ઞમાં જોડાયા હતા અને બ્રાહ્મણના મંત્રોચાર સાથે ચંડી યજ્ઞ સંપન્ન થયો હતો ચંડી યજ્ઞ થયા બાદ મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા પાદરદેવી માતાનું મંદિર પ્રાચીન મંદિર છે પ્રાચીન સમયથી આ ગામના લોકોને મંદિર પ્રત્યે અટૂત શ્રદ્ધા છે વિશાલ સંખ્યામાં બહેનો પૂજા યજ્ઞમાં જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પારડીના ડુંગરીથી સાપને ઉગારાયો

**પારડી, તા.૦૮ :** પારડીતાલુકાના ડુંગરી ગામે રહેતા સુરેશભાઈ પટેલ ના ઘરના આંગણ માં મૂકેલા ચોખા ના પૂળીયા માં એક સાપ આવી ગયો હતો. જેની જાણ પારડી જીવદયા ગ્રુપ ને કરતા પ્રમૂખ અલી અન્સારી ના માર્ગદર્સશ હેઠળ સભ્ય યાસીન મુલતાની સ્થળ પર આવી પહોંચ્યા હતા અને કલાક ની ભારે જહેમતે ૨૫૦૦ જેટલા ચોખાને પૂળીયા સાફ કરી ઝેરી કોબ્રા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. સહીસલામત રીતે કોબ્રા સાપને પકડી લેતા પરિવારના સભ્યો એ રાહતનો શ્વાસ લીધો હતો. અને આ અંગે વન વિભાગને જાણ કરી સાપને જંગલમાં મુક્ત કરવાની તજવવીજ હાથ ધરી હતી.

## ઉમરસાડી માછીવાડ ખાતે રામનવમીની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના ઉમર સાડી માછીવાડ ખાતે આવેલ નપેરી માતાના મંદિરે ચૈત્રી નવરાત્રી સહિત શ્રી રામ નવમી મહોત્સવ ની ભંડારી સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી સવારથી પૂજા અર્ચના સાથે હવન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જોડાઓ બેઠા હતા. તેમજ દરેકે નારિયેળ હોમી સુખ સમૃદ્ધિ ની પ્રાર્થના કરી હતી. જે બાદ મહા-સાદનું આયોજન કરતા સૌએ લાભ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ નપેરી માતા મંદિરે ભંડારી સમાજ દ્વારા હવન યજ્ઞનું આયોજન કરતા સમાજના વડીલો, અગ્રણીઓ, યુવાઓ, મહિલાઓ જોડાઈને ઉત્સાહભેર રામનવમી મહોત્સવની ઉજવણી કરી હતી.

## પારડીમાં રામનવમી નિમિત્તે ભાજપ મંડળ દ્વારા છાશ વિતરણ કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકા ભાજપ મંડળ દ્વારા તાલુકા માં આવતા ગામો માં ૬ એપ્રિલ ભાજપ સ્થાપના દિવસ નિમિતે અને રામનવમી નાં શુભ અવસરે રામ ભક્તો ને છાશ વિતરણ કરવામાં આવી હતી અને દરેક કાર્યકર્તા ઘરે પાર્ટી નો ધ્વજ લહેરાવા આવ્યો, અને સુખેશ ગામમાં પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ નાં ઘરે ભાજપ સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ માં ગુજરાત સરકારનાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્યકક્ષા નાં પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ, ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત સદસ્ય શૈલેષભાઈ પટેલ, મહામંત્રી હરીશભાઈ અને રાજુભાઈ, સંગઠન ની નવી નિમાયેલી આખી ટીમ, સરપંચ મિત્રો અને દેવો થી દુર્લભ કાર્યકર્તા મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 09, April 2025


## ચીન સાથે ભળીને યુનૂસની ખંધી ચાલ

ગત શુક્રવારે બેંકોકમાં બિમ્સટેક સંમેલન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહંમદ યુનૂસ વચ્ચે મુલાકાતની પૃષ્ઠભૂમિમાં બે ઘટનાઓનો સંદર્ભ જરૂરી છે. પહેલી છે, જ્યારે ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ઉગ્ર ભીડે બંગબંધુ શેખ મુજીબુર રહેમાનનું ઘર બાળવાની કોશિશ કરી જેની તસવીરો બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તનનું પ્રતીક બની, તેની થોડી જ મિનિટ પહેલા શેખ હસીનાએ ઢાકા છોડીને દિલ્હી ભાગવું પડ્યું હતું, અને કથિત છાત્ર ક્રાંતિ બાદ શીર્ષ પદ પર અમેરિકામાં 'પઢેલા' અર્થશાસ્ત્રીને બેસાડી દેવાયા - તેના બે મહિના બાદ, ૫ ફેબ્રુઆરીએ યુનૂસના નાક નીચે તેઓ એ ઘર સળગાવી દેવામાં સફળ રહ્યા.

બીજી ઘટના છે, ગયા અઠવાડિયે બેજિંગમાં યુનૂસ અને ચીની વ્યવસાયિકો વચ્ચે થયેલ મુલાકાત, જ્યાં તેણે ભારતના સાત પૂર્વોત્તર રાજ્યો, જેમને 'સેવન સિસ્ટર્સ' પણ કહેવાય છે, તેને લઈને કાવતરાપૂર્ણ અને વાંધાજનક ટિપ્પણી કરી હતી. યુનૂસે ચીનીઓને કહ્યું, 'ભારતનો સેવન સિસ્ટર્સ તટવિહીન ભૂભાગ છે, તેમની પાસે સમુદ્ર સુધી પહોંચવાનો કોઈ રસ્તો નથી. અમે આ સમગ્ર વિસ્તારમાં સમુદ્રના એકમાત્ર સંરક્ષક છીએ... બાંગ્લાદેશથી તમે જ્યાં ચાહો, જઈ શકો છો. સમુદ્ર જાણે અમારું પાછલું આંગણું છે. તેથી અહીં અવસરો છે, તેને ઝડપી લો.' કદાચ અમેરિકન કઠપૂતળી યુનૂસ ભોળો છે કે પછી મૂર્ખ છે! તથ્ય એ છે કે વડાપ્રધાન સાથે પોતાની બેઠકની પૂર્વસંધ્યા પર બાંગ્લાદેશના આ કઠપૂતળી નેતાની ટિપ્પણીમાં ભારતના એક સંવેદનશીલ મર્મસ્થળનો સંદર્ભ હતો - એ વિસ્તાર જે વિદ્રોહગ્રસ્ત રહ્યો છે, જ્યાં સીમા પારથી હથિયારો આવતાં રહ્યાં છે, તેમાં ૨૦૦૧-૦૬ વચ્ચે ખાલિદા ઝિયાની બીએનપી સરકાર સમયે ચાલેલી ગતિવિધિઓ, સાંપ્રદાયિક તણાવ પણ સામેલ છે, ત્યારે કૂટનીતિક દૃષ્ટિએ એવાં નિવેદન યોગ્ય ન હતાં. તેમાં ભારતની નાજુક રગ દબાવવાની કોશિશ દેખાઈ. યુનૂસને ખબર નથી કે આવા નાહકના દબાણ સામે ભારત નિષ્ઠુર શક્તિ પ્રયોગ કરી શકે છે.

આ જ કારણ છે કે પોતાના નાના પડોશીઓને ભારત જ્યારે પણ અને જ્યાં પણ નાના-નાના અપરાધબોધનો અનુભવ કરાવે છે તો તેઓ ચીનની સોડમાં લપાઈ જાય છે, જ્યારે અહીં તો બાંગ્લાદેશ અને ચીન વચ્ચેનું અંતર પણ ખાસ્સું છે! તે ઉપરાંત, નાજુક મર્મસ્થળ બંને તરફ છે, જો બાંગ્લાદેશ ભારતની 'સેવન સિસ્ટર્સ'ની ઘેરાબંધી કરવાની ફિરાકમાં હોય તો તેનો ભીતરી ભાગ અસલમાં ભારતીય વિસ્તાર છે.

વિભાજનનાં વર્ષોની ગહન તપાસથી ખબર પડશે કે ૧૯૪૭માં અંતે અંગ્રેજોને લાગવા માંડ્યું કે હવે તો ભારત છોડવું જ પડશે, ત્યારે તેમણે મન બનાવ્યું કે આ ઉપમહાદ્વીપને અવિભાજિત અને સમન્વિત એકમ તરીકે છોડીને નહીં જાય. વિદેશ મંત્રી એસ. જયશંકરે સેવન સિસ્ટર્સ પર યુનૂસની ખંધાઈનો તરત જવાબ આપ્યો, એ રેખાંકિત કરતાં કે ભારત પાસે પૂર્વમાં લગભગ ૬૫૦૦ કિમી લાંબો સમુદ્રી તટ છે, બલ્કે બંગાળની ખાડીના પાંચ દેશો સાથે સીમા વહેંચાય છે અને આ ભારતીય ઉપમહાદ્વીપ અને આસિયાન દેશો વચ્ચે સંબંધોને મોકો પ્રદાન કરે છે.


નિ?તપણે ભારતની અસાધારણ શક્તિ, વિશેષ કરીને પોતાની આસપાસના વિસ્તારોમાં, તેને નકારી ન શકાય, ના ૧૯૭૧માં કે ના અત્યારે ૨૦૨૫માં. એ અલગ વાત છે કે શેખ હસીનાએ હાલનાં વર્ષોમાં પોતાના પેંતરાથી વિપક્ષીઓને રાજકારણથી ઘણી હદે દૂર રાખ્યા હતા, એ પણ એટલું જ સત્ય છે કે ભારત તેમના એવા કેટલાય ઉપાયોને અનુમોદિત નહોતા કરતા, વિશેષ રૂપે દેશની ભીતર શાંતિ સ્થાપના માટે બાંગ્લાદેશની રાજનીતિમાં બીજી મહત્ત્વની મહિલા ખાલિદા ઝિયા સાથે સંબંધ રાખવામાં તેમનો સીધો ઈનકાર.

## ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની સુધારેલી જોગવાઈઓનો ૧૦ એપ્રિલથી અમલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૮ : રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની કરવામાં આવેલી જોગવાઈઓ અને સુધારા-વધારા★ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

★ રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.




★ વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

★ ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે.★ તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઈ કરી છે.

★ ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે.

★ ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે. વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે

## ટ્રમ્પ વિરુદ્ધ એક થયા ૨૭ દેશો, અમેરિકા પર ૨૫ ટકા જવાબી ટેરિફની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમેરિકા,તા.૮ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે ટેરિફ વોર શરુ કરી છે, તેનાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. પરંતુ વિશ્વમાં કેટલાક દેશો એવા પણ છે જેણે ટ્રમ્પને ટ્રમ્પની સ્ટાઈલમાં જ ટક્કર આપવાનો પ્લાન બનાવી દીધો છે. ચીને અમેરિકાને આ મામલે પહેલા જ અરીસો દેખાડી દીધો છે. અને હવે બીજી તરફ ૨૭ દેશોના ગ્રૂપ એટલે કે યુરોપીય આયોગે પણ ટ્રમ્પને ટક્કર આપવા માટે કમર કસી લીધી છે. એક સમાચાર એજન્સીએ જણાવ્યું કે, EUએ સોમવારે કેટલીક અમેરિકન વસ્તુઓ પર ૨૫% ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. એજન્સીએ દસ્તાવેજોનો હવાલો આપતાં કહ્યું કે, કેટલીક વસ્તુઓ પર ટેરિફ ૧૬ મેથી અમલમાં આવશે. જોકે, કેટલીક અન્ય વસ્તુઓ પર પણ આ વર્ષથી ટેરિફ લાગુ થઈ જશે. તેમાં હીરા, ઈંડા, ડેન્ટલ ફ્લોસ, પોલ્ટ્રી સહિત અનેક વસ્તુઓ સામેલ છે. સભ્ય દેશો દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ આ યાદીમાંથી કેટલીક વસ્તુઓ હટાવી દીધી હોવાના અહેવાલો પણ સામે આવી રહ્યા છે. બદામ અને સોયાબીન પર ટેરિફ ડિસેમ્બરથી શરુ થશે. EUના વેપાર પ્રમુખ મારોસ સેફકોવિકે સોમવારે કહ્યું કે, જવાબી ટેરિફની અસર અગાઉ જાહેર કરાયેલા ૨૬ બિલિયન યુરો (૨૮.૪૫ બિલિયન ડૉલર) કરતાં ઓછી હશે. માર્ચમાં તૈયાર કરાયેલી યાદીમાંથી બોરબન, વાઈન અને ડેરી ઉત્પાદનોને હટાવી દેવામાં આવ્યા છે. કમિશને અગાઉ બોરબન પર ૫૦% ટેરિફ લાદવાની યોજના બનાવી હતી, ત્યારબાદ ટ્રમ્પે ઈંના શરાબ પર ૨૦૦% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ફ્રાન્સ અને ઈટાલી ખાસ કરીને આ ખતરાથી ચિંતિત હતા કારણ કે તેમનો વાઈન ઉદ્યોગ ખૂબ મોટો છે. આ ઉપરાંત EUએ ૧ એપ્રિલથી સ્ટીલ પરના હાલના સલામતી નિયમો કડક કર્યા, જેનાથી આયાતમાં ૧૫% ઘટાડો થયો. કમિશન હવે એલ્યુમિનિયમ માટે આયાત ક્વોટા પર પણ વિચાર કરી રહ્યું છે. EU સભ્ય દેશો ૯ એપ્રિલે આ પ્રસ્તાવ પર મતદાન કરશે.

આ પગલું ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ સામે EUની વ્યૂહરચનાનો એક ભાગ છે.

લોકો આને વેપાર યુદ્ધનો નવો અધ્યાય માની રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકો કહી રહ્યા છે કે, 'અમેરિકાએ શરુઆત કરી, હવે યુરોપ તેનો જવાબ આપી રહ્યું છે,' જ્યારે કેટલાક લોકો મજાકમાં બોલી રહ્યા છે કે, 'ડેન્ટલ ફ્લોસ પણ ન છોડ્યો!' આગળ શું થાય છે તે જોવાનું બાકી છે, પરંતુ હાલમાં તો બંને બાજુથી ટેરિફ યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે.

## જાતિ આધારિત વસતી ગણતરી સમાજના એક્સ-રે સમાન: રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસતી ગણતરીની માગણી સાથે ભાજપ-આરએસએસ નેતૃત્વની ફરી એક વખત ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપ-આરએસએસ જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી રહ્યા છે પરંતુ જમીની વાસ્તવિકતાના આધારે સામાજિક ન્યાયને સુદૃઢ બનાવતી નીતિઓ ઘડવામાં કોંગ્રેસ પાછી પાની નહીં કરે. સંઘના વડા મોહન ભાગવત જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી છે, પરંતુ આ પ્રકારની વસતી ગણતરી સમાજના એક્સ રેસમાન છે. તેનાથી વસતીની સાચી સ્થિતિ જાણી શકાશે અને સર્વગ્રાહી નીતિઓ ઘડી શકાશે. પટણા ખાતે સંવિધાન બચાઓ સંમેલનમાં રાહુલ ગાંધીએ તેલંગાણામાં કોંગ્રેસના જાતિ આધારિત સર્વેની વાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેનાથી રાજ્યના રાજકીય પરિદૃશ્યને ફરી ઘડી શકાશે. તેલંગાણા જેવી જ અસર દેશના અન્ય રાજ્યોમાં પણ જોઈ શકાશે. બિહાર કોંગ્રેસના નેતૃત્વમાં પરિવર્તન અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે, અગાઉ બિહારના બે તૃતિયાંશ ડિલ્લા પ્રમુખો ઉચ્ચ જાતિના હતા. મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં અત્યારે બે તૃતિયાંશ જિલ્લા પ્રમુખો ઓબીસી, ઈબીસી, દલિત અને મહાદલિત સમાજના છે. વસતીના આંકડાના આધારે નેતૃત્વની ભૂમિકામાં ફેરફાર કરાયો છે. પક્ષના કાર્યકરોને પછાત સમાજો સાથે સંકલન વધારવાની હાકલ કરતાં રાહુલ ગાંધીએ નાગરિક લક્ષી રાજકીય અભિયાન પર ભાર મૂક્યો હતો.બિહારે દરેક વખતે પરિવર્તનની આગેવાની લીધી છે અને આ વખતે પણ બિહાર જ અગ્રીમ મોરચે રહેશે. બંધારણ અંગે વાત કરતાં રાહુલે કહ્યુ હતું કે, તેમાં દેશના પ્રાચીન મૂલ્યોનું પ્રતિબિંબ છે.

## અમદાવાદમાં કોંગ્રેસનું બે દિવસીય મહામંથન

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ, તા.૮ :** કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનો આજથી ભાજપના ગઢ એવા ગુજરાતના અમદાવાદમાં પ્રારંભ થયો છે. રાજ્યમાં વર્તમાન પડકારોનો સામનો કરવા અને ૨૦૨૭ માટે રોડમેપ તૈયાર કરવા માટે બોલાવવામાં આવેલા બે દિવસના કોંગ્રેસના અધિવેશન પહેલા આજે મળેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી.બેઠક બાદ કોંગ્રેસ નેતા જયરામ રમેશ અને કે.સી.વેણુગોપાલે પ્રેસ કોન્ફરન્સ કરીને ભવિષ્યની રૂપરેખા જિલ્લા કોંગ્રેસ કમિટીઓને સશક્ત બનાવવા સહિત સંગઠનની મજબુતી, જવાબદારી નક્કી કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પર કરવામાં આવેલા મહામંથન અંગેની માહિતી આપી હતી. વિસ્તૃત કાર્ય સમિતિની આ બેઠકમાં અધિવેશન સંબંધિત પ્રસ્તાવ પર વિચાર વિમર્શ કરાયા બાદ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આજની બેઠકમાં પસાર કરેલા પ્રસ્તાવમાં સરદાર પટેલ કેન્દ્ર સ્થાને રહ્યા હતા.

તેમણે કહ્યું કે, આજની વિસ્તૃત CWC બેઠકમાં ૧૫૮ સભ્યો હાજર હતા. તેમાં પીસીસી પ્રમુખ, સીએલપી નેતા, મુખ્યમંત્રી, કાયમી અને ખાસ આમંત્રિત સભ્યો હાજર હતા. આજે સરદાર વલ્લભભાઈ પટેલ વિશે એક વિશેષ પ્રસ્તાવ લાવીને તેના પર ચર્ચા થઈ અને તે પસાર કરાયો હતો. આવતીકાલે વધુ બે પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવશે. જેમાં રાષ્ટ્રીય મુદ્દાઓ પર અને બીજું ગુજરાતના રાજકારણ પર ચર્ચા હાથ ધરાશે.

તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં છઠ્ઠી વખત ગુજરાતમાં કોંગ્રેસનું અધિવેશન યોજાઈ રહ્યું છે. જ્યારે આપણે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે સરદાર પટેલના સ્મારક પર વિસ્તૃત દષ્ઠબેઠકનું આયોજન કરવાની આપણી ફરજ હતી. ભારતના બંધારણની પ્રસ્તાવનામાં સામાજિક ન્યાય, આર્થિક ન્યાય અને રાજકીય ન્યાય વિશે વાત કરવામાં આવી છે, જેની ચર્ચા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય સભ્યો દ્વારા કરવામાં આવી હતી. આવતીકાલના પ્રસ્તાવમાં સામાજિક ન્યાય, આર્થિક ન્યાય અને રાજકીય ન્યાય પર વાત કરી તે અંગે અધિવેશનમાં ચર્ચા હાથ ધરાશે.

જયરામ રમેશ અને કે.સી.વેણુગોપાલે એમ પણ કહ્યું કે, ગુજરાતમાં વિસ્તૃત દષ્ઠ બેઠક અને AICC સત્રાનું આયોજન એક મહત્વપૂર્ણ અને અસરકારક સંદેશ છે. કોંગ્રેસ દ્વારા રજુ કરાયેલા પ્રસ્તાવથી સરદાર પટેલ અને નેહરુ વચ્ચે કેવો અનોખો જુગલબંધી હતો તે સંપૂર્ણપણે સ્પષ્ટ થશે. આ બંને નેતાઓ આધુનિક ભારતના નિર્માતા હતા અને તેમણે ગાંધીજીના નેતૃત્વમાં દેશની સ્વતંત્રતા માટે લડત આપી હતી. સરદાર પટેલ અને નેહરુ વચ્ચેના સંબંધો વિશે જુઠ્ઠાણા ફેલાવનારાઓએ જાણવું જોઈએ કે આ બંને નેતાઓએ દેશના નિર્માણમાં કેટલું મોટું યોગદાન આપ્યું છે. દેશમાં ગાંધીવાદી સંસ્થાઓ પર હુમલા થઇ રહ્યા છે. ગાંધી અને સરદારના વારસા પર હુમલો કરવામાં આવી રહ્યો છે.

## ટેરિફ વૉર: ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર ટેરિફની જાહેરાત સાથે ટ્રેડ વૉર શરૂ કર્યું છે. જે બાદ એશિયા, યુરોપ તથા અમેરિકાના શેર બજારમાં હાહાકાર જેવી સ્થિતિ સર્જાઇ છે. ગઈકાલે ભારતીય શેરબજારમાં પણ લાખો કરોડ રૂપિયાનું ધોવાણ થયું. ભારત સરકાર પર અમેરિકા સાથે ટ્રેડ ( વેપાર કરાર ) કરવાનું દબાણ વધી રહ્યું છે. એવામાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. જયશંકર અને રૂબિયોએ અમેરિકા અને ભારત

**અમેરિયકથી બ્રેન્ડન લીંચ હાલમાં જ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ભારત સાથે વેપાર અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા**

